પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૧-૦૯-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

કેનેડાના બ્રિટિશ કોલંબિયા સ્થિત એક સ્કૂલમાંથી ભારત વિરુદ્ધ એક મોટું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે

કેનેડાના અલગ-અલગ રાજ્યોમાં ભારત વિરુદ્ધ રચવામાં આવેલા ષડયંત્રમાં ત્રીસ અગ્રણી લોકોની પણ ઓળખ કરવામાં આવી

નવીદિલ્હી,

કેનેડાના બ્રિટિશ કોલંબિયા સ્થિત એક સ્કૂલમાંથી ભારત વિરુદ્ધ એક મોટું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. આ ષડયંત્રને આતંકવાદી સંગઠન 'શીખ ફોર જસ્ટિસ' દ્વારા અંજામ આપવામાં આવી રહ્યો છે. ગુપ્તચર એજન્સીઓને મળેલા ઈનપુટ્સના આધારે, ૨ સપ્ટેમ્બરે બ્રિટિશ કોલંબિયાના સરે ખાતેની એક શાળામાં યોજાનારી જી-૨૦ સમિટમાં વાતાવરણને બગાડવા માટે એક સંપૂર્ણ વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે. આ માટે 'શીખ ફોર જસ્ટિસ'વતી ૩૦ લોકોને ખૂબ જ મહત્વપૂર્ણ જવાબદારી પણ સોંપવામાં આવી છે. આ સિવાય કેનેડામાંથી ત્રીસ વર્ષ પહેલા ૧૯૯૨માં માર્યા ગયેલા બબ્બર ખાલસાના આતંકવાદી તલવિંદર સિંહ બબ્બરના મુદ્દાને પણ ઉછાળવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. હાલમાં, ગુપ્તચર એજન્સીઓને એસએફજેના ષડયંત્રની માહિતી મળી છે.

ગુપ્તચર એજન્સીના સૂત્રોના જણાવ્યા અનુસાર આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુના સંગઠન શીખ ફોર જસ્ટિસે દિલ્હીમાં યોજાનારી જી-૨૦ કોન્ફરન્સ પહેલા વાતાવરણને બગાડવાનું ષડયંત્ર શરૂ કર્યું છે. ગુપ્તચર એજન્સીઓ સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે કે દિલ્હીમાં યોજાનારી મહત્વની બેઠક પહેલા શીખ ફોર જસ્ટિસે બ્રિટિશ કોલંબિયાના સરે સ્થિત તમન્વિસ સેકન્ડરી સ્કૂલમાં ખાલિસ્તાન રેફરન્ડમના નામે મોટી ભીડ એકત્ર કરવાની યોજના બનાવી છે. આ સ્કૂલમાં ૨ સપ્ટેમ્બરે એટલે કે શનિવારે સવારે ખાલિસ્તાન સમર્થકોને બોલાવવા અને જી-૨૦માં ભાગ લેનારા દેશોના વડાઓને પત્ર લખવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. જો કે, ગુપ્તચર એજન્સીઓના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ જનમતની પાછળ ગુરુપતવંત સિંહ પન્નુ અને તેના આતંકવાદી સંગઠનો પંજાબના આતંકવાદીઓને સમર્થન આપીને દિલ્હી સહિત દેશના વિવિધ ભાગોમાં મોટા ષડયંત્ર રચવાની યોજના ઘડી રહ્યા છે.સેન્ટ્રલ ઈન્ટેલિજન્સ એજન્સી સાથે સંકળાયેલા સૂત્રો જણાવે છે કે માત્ર બ્રિટિશ કોલંબિયા જ નહીં પરંતુ કેનેડાના કેટલાક અલગ-અલગ રાજ્યોમાં પણ જી-૨૦ દરમિયાન દિલ્હી સહિત દેશના વિવિધ ભાગોમાં વાતાવરણ બગાડવા માટે ષડયંત્ર રચવાની તૈયારી કરવામાં આવી રહી છે. ગુપ્તચર એજન્સીને મળેલા ઈનપુટ્સ દર્શાવે છે કે સરેની જે શાળામાં આ શનિવારે એક મોટું ષડયંત્ર રચવા માટે એક મીટીંગનું આયોજન કરવામાં આવી રહ્યું છે, તેના આઠ દિવસ પછી એટલે કે ૧૦ સપ્ટેમ્બરે ફરી એક વખત તે જ શાળામાં મોટી મીટીંગ બોલાવવામાં આવી છે. . એવું માનવામાં આવે છે કે કેનેડામાં બેઠેલા ખાલિસ્તાની આતંકવાદીઓના સમર્થકો ફરી એકવાર જી-૨૦ના સમાપનમાં ભારતમાં ભાગ લઈ રહેલા તમામ રાષ્ટ્રીય પ્રમુખોને પત્ર લખશે. આ માટે દિલ્હીથી પંજાબ સુધી શીખ ફોર જસ્ટિસ આતંકવાદીઓના સ્લીપર સેલને સક્રિય કરવામાં આવ્યા છે.

ખાલિસ્તાન સમર્થકોને કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં જ નહીં પરંતુ વેનકુવરના ગુરુદ્વારામાં પણ બોલાવવામાં આવ્યા છે. ગુપ્તચર એજન્સીઓ સાથે જોડાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર ૧૦ સપ્ટેમ્બરે વેનકુવરના ગુરુનાનક દરબાર ગુરુદ્વારામાં યોજનાર લોકમત માટે વોટિંગના નામે મોટી ભીડ બોલાવવામાં આવી છે. આ માટે શીખ ફોર જસ્ટિસ અને ગુરપતવંત સિંહ પન્નુ દ્વારા વાતાવરણ બગાડતું પોસ્ટર પણ બહાર પાડવામાં આવ્યું છે. આ દરમિયાન ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની સાથે બબ્બર ખાલસાના આતંકવાદી તલવિંદર સિંહ બબ્બરના મોતનો બદલો લેવા માટે લોકોને ઉશ્કેરવામાં આવી રહ્યા છે. કેનેડામાં અલગ-અલગ જગ્યાએ લગાવવામાં આવેલા પોસ્ટરમાં બંને આતંકીઓની તસવીરોનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. ગુપ્તચર એજન્સી સાથે સંકળાયેલા સૂત્રોનું કહેવું છે કે શીખ ફોર જસ્ટિસ સહિત ખાલિસ્તાન સમર્થકો જી-૨૦ દરમિયાન પોતાના કાવતરાને આગળ વધારવાને કારણે આવું ષડયંત્ર રચી રહ્યા છે.

કેનેડાના અલગ-અલગ રાજ્યોમાં ભારત વિરુદ્ધ રચવામાં આવેલા ષડયંત્રમાં ત્રીસ અગ્રણી લોકોની પણ ઓળખ કરવામાં આવી છે. ગુપ્તચર એજન્સીઓ સાથે જોડાયેલા વરિષ્ઠ અધિકારીઓનું કહેવું છે કે આ તમામ ૩૦ લોકો સીધા પંજાબના અલગ-અલગ શહેરો સાથે સંબંધિત છે અને હાલમાં કેનેડામાં રહે છે. એજન્સીને મળેલા ઈનપુટ્સ દર્શાવે છે કે આ તમામ લોકો શીખ ફોર જસ્ટિસ સહિત અફઘાનિસ્તાનને સમર્થન આપતા આતંકવાદી જૂથોના મોટા હેન્ડલર પણ છે. હાલમાં એજન્સીઓએ આ તમામ ત્રીસ લોકોની યાદી જ તૈયાર કરી નથી પરંતુ દિલ્હી અને પંજાબ સાથે જોડાયેલા લોકોના સંદર્ભમાં તેમનો સંપૂર્ણ ડ્રાફ્ટ પણ તૈયાર કર્યો છે. મળતી માહિતી મુજબ, આ હેન્ડલર્સમાંથી કેટલાક એવા પણ છે કે તેઓ છેલ્લા કેટલાક દિવસોમાં માત્ર પંજાબ જ નથી આવ્યા પરંતુ તેઓ અહીંના તેમના નેટવર્ક સાથે સતત સંપર્કમાં છે. હાલમાં ગુપ્તચર એજન્સીઓ તેમના રડાર પર તે તમામ લોકોની સંપૂર્ણ માહિતી એકત્રિત કરી રહી છે.

સાળંગપુર મૂર્તિની નીચેના ભીંત ચીત્રોને લઈ મોરારીબાપુ સહિત અનેક સનાતન ધર્મના સંતોએ વિરોધ કર્યો

સાળંગપુર,

વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાન મંદિરમાં નવી સ્થપાયેલી કિંગ ઓફ સાળંગપુર મૂર્તિની નીચેના ભીંત ચિત્રોએ નવો વિવાદ સર્જ્યો છે. આ ભીંત ચિત્રોમાં કષ્ટભંજન દેવને સ્વામિનારાયણ ભગવાનને વંદન કરતા દેખાડવામાં આવ્યા છે. તેને લઈ મોરારી બાપુનું પણ એક નિવેદન સામે આવ્યું છે. થોડા દિવસ અગાઉ મોરારી બાપુએ પોતાની કથા દરમિયાન સાળંગપુર હનુમાનજી મહારાજની મૂર્તિને લઈને સર્જાયેલા વિવાદ પર ટિપ્પણી કરી હતી. જેમાં તેઓએ મૌન ધારણ કરીને બેઠેલા લોકોને મૌન તોડવાની વાત કરી હતી. તો જ્યોર્તિનાથ મહારાજે કાર્યવાહીની માગ કરી છે.

સાળંગપુરમાં હનુમાનજીની મૂર્તિના વિવાદ વચ્ચે સંસ્થાના કલ્પવૃક્ષ સ્વામીનું મોટું નિવેદન સામે આવ્યું છે. જેમાં તેઓએ હનુમાનજીના વંદન મુદ્દે આપત્તિ દર્શાવનારાઓ સામે સવાલ કર્યો છે. કલ્પવૃક્ષ સ્વામીએ કહ્યું કે ભગવાન અને ભગવાનના માતા-પિતાના હનુમાનજી દર્શન કરે તેમાં ખોટું શું છે. તેઓએ જણાવ્યું કે સમગ્ર વિરોધ નિરર્થક છે.

આ ભીંત ચિત્રોમાં કષ્ટભંજન દેવને સ્વામિનારાયણ ભગવાનને વંદન કરતા દેખાડવામાં આવ્યા છે. સાળંગપુરમાં બનેલા આ પ્રકારના ભીંતચિત્રોથી ભારે વિરોધ થઈ રહ્યો છે. વિવાદ બાદ મંદિર પ્રશાસને પીળુ કપડુ ઢાંકી વિવાદનો અંત લાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે કે રાજ્યના સાધુ-સંતોએ આ ચિત્રોને સનાતન હિન્દુ ધર્મનું અપમાન ગણાવી તેની સામે કાર્યવાહીની માગ કરી છે. તો આજ મુદ્દે સિહોર પોલીસ મથકમાં અરજી પણ આપી દેવામાં આવી છે.

બીજી તરફ જૂનાગઢના ગોરક્ષનાથ આશ્રમનાં શેરનાથ બાપુએ પણ સાળંગપુરમાં વિવાદિત તસ્વીરને લઈને નિવેદન આપ્યું છે. આનાથી ભક્તોની આસ્થાને ઠેસ લાગી છે. વિવાદ ન વધે તેના માટે યોગ્ય નિર્ણય લેવો જોઈએ. આવી અયોગ્ય ઘટનાની માફી માંગવી જોઈએ અને ફરી વાર ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. તો સાળંગપુરમાં વાયરલ તસ્વીરો મુદ્દે કચ્છના એકલધામના મહંત યોગી દેવનાથ બાપુએ પ્રતિક્રિયા આપી છે. યોગી દેવનાથ બાપુએ વિરોધ નોંધાવી અપમાન બદલ યોગ્ય કાર્યવાહીની માંગ કરી છે.

આ તરફ સરખેજ સ્થિત મહંત ભારતી આશ્રમના મહામંડલેશ્વર ઋષિ ભારતી બાપુએ પણ હનુમાનદાદાનું અપમાન થવા બદલ નારાજગી વ્યક્ત કરી છે. તો લીંબડી સ્થિત નીમ્બાર્ક પીઠના મહંત લલિત કિશોર બાપુએ પણ તાત્કાલીક આ ભીંતચિત્રો હટાવવાની માગ કરી છે. તો બરવાળાના લક્ષ્મણજી મંદિરના મહામંડલેશ્વર જગદેવદાસ બાપુએ પણ આ મુદ્દે સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોની નિંદા કરી છે.

સુપ્રીમ કોર્ટના નામે નકલી વેબસાઈટ બનાવવામાં આવી

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટની સત્તાવાર વેબસાઈટના નામે લોકોને છેતરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કોર્ટે એક પરિપત્રમાં જણાવ્યું છે કે તેની સત્તાવાર વેબસાઈટ જેવી જ નકલી વેબસાઈટ બનાવવામાં આવી છે. તેના દ્વારા હેકર્સ લોકોની અંગત અને ગોપનીય માહિતી એકત્ર કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટની રજિસ્ટ્રીએ લોકોને સતર્ક રહેવા જણાવ્યું છે.

રજિસ્ટ્રીએ માહિતી આપી હતી કે આ નકલી વેબસાઈટ્સ પર હોસ્ટ કરવામાં આવી રહી છે. આમાંના બીજા યુઆરએલપર ક્લિક કરવાથી એક વેબસાઈટ ખુલે છે જેના હેડરમાં લખ્યું છે- ઓફેન્સ ઓફ મની-લોન્ડરિંગ. આ વેબસાઈટ પર લોકોની અંગત માહિતી, ઈન્ટરનેટ-બેંકિંગ, ક્રેડિટ અને ડેબિટ કાર્ડ સંબંધિત માહિતીની ચોરી થઈ રહી છે.

કોર્ટના જણાવ્યા અનુસાર, સત્તાવાર વેબસાઈટ જેવી દેખાતી આ સાઈટમાં બેંકનું નામ, ફોન નંબર, પરમેનેન્ટ એકાઉન્ટ નંબર ઓનલાઈન બેંકિંગ યુઝર આઈડી, લોગ-ઈન પાસવર્ડ અને કાર્ડ પાસવર્ડ સહિતની માહિતી ભરવા માટે ઘણા બોક્સ છે.કોર્ટે પોતાની એડવાઈઝરીમાં કહ્યું કે આ વેબસાઈટની મુલાકાત લેનારા યુઝર્સને અમારી કડક સૂચના છે કે તેઓ તેમની પર્સનલ અને ગોપનીય માહિતી શેર ન કરે. આ માહિતી ગુનેગારો ચોરી કરી શકે છે. હંમેશા ધ્યાનમાં રાખો કે સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રી તમને ક્યારેય વ્યક્તિગત, નાણાકીય અથવા અન્ય કોઈપણ ગોપનીય માહિતી માટે પૂછશે નહીં.

રજિસ્ટ્રીએ જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે કાયદા અમલીકરણ એજન્સીઓને આ નકલી વેબસાઈટ્સ વિશે જાણ કરી છે, જેથી આરોપીઓની ઓળખ કરી શકાય અને કાર્યવાહી કરી શકાય. રજિસ્ટ્રીએ લોકોને સલાહ આપી છે કે તેઓ કોઈપણ યુઆરએલ પર ક્લિક કરતા પહેલા તેની ચકાસણી કરી લો. રજિસ્ટ્રીમાં કહેવામાં આવ્યું છે કે જો તમે છેતરપિંડીનો ભોગ બન્યા હોવ તો તરત જ તમારા તમામ ઓનલાઈન એકાઉન્ટનો પાસવર્ડ બદલી નાખો અને તમારી બેંક અને ક્રેડિટ કાર્ડ કંપનીને આ અંગે જાણ કરો.

ગયા વર્ષે નવેમ્બરમાં દિલ્હી એમ્સનું સર્વર હેક થયું હતું. આ મામલાની તપાસ કરી રહેલા અધિકારીઓએ ચીન તરફ ઈશારો કર્યો હતો. ખરેખર, તે સમયે એમ્સના ૫ સર્વર હેક થયા હતા. હેકિંગ દરમિયાન અંગત ડેટા લીક થયાના સમાચાર હતા. એવું કહેવામાં આવ્યું હતું કે આ ડેટા ડાર્ક વેબના મુખ્ય ડોમેન પર પણ હોવાની સંભાવના છે. આનાથી ભારતના વીવીઆઈપી સહિત લાખો દર્દીઓના ગુપ્ત ડેટા લીક થવાની શક્યતા વધી ગઈ છે.

ગુજરાતના દરિયા કિનારે એન્ટી ડ્રગ્સ ઓપરેશનની સફળ કામગીરી બદલ સુનિલ જોશી કોસ્ટગાર્ડ ડીજીના હસ્તે સન્માનિત

અમદાવાદ,

ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી ગુજરાત પોલીસ સાથે વિવિધ એજન્સીઓને મળતા ઈનપુટના આધારે ગુજરાતના દરિયા કિનારે ઉતરતા અને વિવિધ વિસ્તારોમાં ઠલવાતા ડ્રગ્સ નેટવર્કનો મોટાપાયા પર પર્દાફાશ થયો છે. ગુજરાતની વિવિધ સિક્યુરિટી એજન્સીઓ સાથે એટીએસ એટલે કે એન્ટી ટેરરિસ્ટ સ્કવોર્ડ દ્વારા પોતાના ખાસ નેટવર્કનો ઉપયોગ કરીને ડ્રગ્સના કાળા કારોબારની ઘણા અંશે કમર તોડી નાખવામાં આવી છે. ભારતીય કોસ્ટગાર્ડ સાથે મળીને એટીએસ દ્વારા ચલાવાયેલા ઓપરેશનના પ્રતાપે ગુજરાતના દરિયાકિનારે અને વિવિધ વિસ્તારોમાંથી કરોડો રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું છે. જેને ધ્યાનમાં લઈને ભારતીય કોસ્ટગાર્ડના ડાયરેક્ટર જનરલ રાકેશ પાલ દ્વારા એટીએસના એસપી સુનિલ જોશીનું મેડલ તેમજ પ્રમાણ પત્ર આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. કોસ્ટગાર્ડ દ્વારા તેમનું અને ટીમના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. જણાવવું રહ્યું કે ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયાકિનારે નેવી બાદ કોસ્ટગાર્ડ સતત વાંધાજનક કામગીરીનો પર્દાફાશ કરતી આવી છે. એટીએસના સહયોગને લઈ કોસ્ટગાર્ડને મળેલા બળના પ્રતાપે આંતરરાષ્ટ્રીય સરહદથી ગુજરાતમાં ડ્રગ્સ ઘુસાડવાની કોશિશ સતત નાકામયાબ બનાવવામાં આવી છે. કોસ્ટગાર્ડ ડીજી દ્વારા આ જ રીતે વધારે સહયોગ સાથે કઈ રીતે વધારેને વધારે દરિયા કિનારે ચુસ્તતા વર્તાય અને વાંધાજનક પ્રવૃતિઓ પર લગામ લાગે તે માટે જોઈન્ટ ઓપરેશન પર ભાર મૂકવામાં આવ્યો હતો.

રાજ્યના ૧૪ જિલ્લા ઉપરાંત બાકી રહેતા જિલ્લાના ખેડૂતોને પણ ૧૦ કલાક વીજળી અપાશે : ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ

ગાંધીનગર,

રાજ્યમાં પાછોતરો વરસાદ ખેંચાતા ખેડૂતોના ઉભા પાકને બચાવવા માટે રાજ્યના ૧૪ જિલ્લાઓ માં ખેડૂતોના પાક બચાવવા ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય કરીને વીજળી પુરી પાડવામા આવી રહી છે.રાજ્યમાં પાછોતરો વરસાદ ખેંચાતા ખેડૂતોના ઉભા પાકને બચાવવા માટે રાજ્યના ૧૪ જિલ્લાઓમાં ખેડૂતોના પાક બચાવવા ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય કરીને વીજળી પુરી પાડવામાં આવી રહી છે. ત્યારબાદ અન્ય વિસ્તારોના ખેડૂતોની રજૂઆતો મળતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ૧૪ જિલ્લાઓમાં કાર્યરત ૧૦ કલાક ખેતીવાડી વીજળી ઉપરાંત ભાવનગર,પોરબંદર, ગીરસોમનાથ, બોટાદ તથા મોરબી જિલ્લાના ખેડૂતોનો પાક બચાવવા ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય કર્યો છે જેની અમલવારી તા. ૦૨.૦૯.૨૦૨૩થી કરાશે. આ ઉપરાંત ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતનાં બાકી રહેતા જિલ્લાઓને પણ તા.૦૫.૦૯.૨૦૨૩થી ૧૦ કલાક વીજળી આપવાનો મહત્વનો ખેડૂત હિતલક્ષી નિર્ણય કર્યો છે.

ચોમાસુ સત્ર બાદ હવે મોદી સરકારે હવે સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે આજે ગુરુવારે એક ચોંકાવનારી જાહેરાત કરી છે. મોદી સરકાર આવતા મહિને સંસદનું વિશેષ સત્ર બોલાવવા જઈ રહી છે જે ૫ દિવસ સુધી ચાલશે. કેન્દ્રીય સંસદીય મંત્રી પ્રહલાદ જોશીએ ટ્વિટર દ્વારા આની જાહેરાત કરી હતી. મોદી સરકારના આ નિર્ણય બાદ અનેક અટકળો લગાવવામાં આવી રહી છે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ લખ્યું, 'સંસદનું વિશેષ સત્ર ૧૮ થી ૨૨ સપ્ટેમ્બર સુધી બોલાવવામાં આવી રહ્યું છે, જેમાં ૫ બેઠકો થશે. અમૃતકાળ દરમિયાન સંસદના આ વિશેષ સત્રમાં અર્થપૂર્ણ ચર્ચા થવાની અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે આ ચૂંટણીનું વર્ષ ચાલી રહ્યું છે, આવતા વર્ષે દેશમાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે, તે પહેલા રાજકારણમાં અલગ-અલગ ઘટનાઓ જોવા મળી રહી છે. એક તરફ ૩૧મી ઓગસ્ટ અને ૧લી સપ્ટેમ્બરે મુંબઈમાં ઈન્ડિયા ગઠબંધનની બેઠક થઈ રહી છે, તો બીજી તરફ મોદી સરકારે સંસદનું વિશેષ સત્ર બોલાવ્યું છે. ભારત સરકાર આ વર્ષને આઝાદીના અમૃત મહોત્સવ તરીકે ઉજવી રહી છે, જેમાં દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરવામાં આવી રહી છે. આ જ કારણ છે કે સ્વતંત્રતા દિવસથી લઈને સંસદ સત્ર સુધી દરેક જગ્યાએ વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સંસદના ચોમાસુ સત્રમાં મણિપુર મુદ્દો સંપૂર્ણ રીતે છવાયેલો રહ્યું હતું, જ્યારે વિપક્ષ દ્વારા મોદી સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત પણ લાવવામાં આવી હતી. મણિપુરના મુદ્દે જ વિપક્ષો આ પ્રસ્તાવ લાવ્યા હતા, જેને સંસદમાં ધ્વનિ મતથી પરાજય મળ્યો હતો. આ દરમિયાન પક્ષ અને વિપક્ષ બંને તરફથી એકબીજા પર જોરદાર પ્રહારો કરવામાં આવ્યા હતા.

ચંદ્રયાન-૩ : ચંદ્ર પર ફરતા રોવરનો નવો વીડિયો ઈસરોએ જાહેર કર્યો

બેંગ્લુરૂ,

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) એ સુરક્ષિત માર્ગની શોધમાં રોવર ફેરવી દીધું છે. આ પરિભ્રમણ પ્રક્રિયાને લેન્ડર ઈમેજર કેમેરા દ્વારા કેદ કરવામાં આવી છે.ઈસરોએ તેનો વીડિયો પણ શેર કર્યો છે. એમ પણ લખ્યું કે એવું લાગે છે કે જાણે કોઈ બાળક ચાંદામામાના આંગણામાં ટીખળ રમી રહ્યું હોય અને માતા પ્રેમથી જોઈ રહી હોય.

નોંધનીય છે કે ચંદ્ર પર ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)ના ત્રીજા મહત્વાકાંક્ષી મિશન ચંદ્રયાન-૩નું લેન્ડર મોડ્યુલ આજે ચંદ્રની સપાટીને સ્પર્શી ગયું છે. લેન્ડર (વિક્રમ) અને રોવર (પ્રજ્ઞાન) સાથેનું એલએલએમ બુધવારે સાંજે ૬.૦૪ કલાકે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતર્યું હતું. આ મિશનની સફળતા સાથે, ભારત ચંદ્ર પર 'સોફ્ટ લેન્ડિંગ' કરનાર અમેરિકા, ચીન અને ભૂતપૂર્વ સોવિયત સંઘ (રશિયા) પછી ચોથો દેશ બની ગયો છે.

ચંદ્રયાન-૩ ની સફળતા સાથે, ભારત ચંદ્રના પ્રમાણમાં મોટા, અસ્પૃશ્ય દક્ષિણ ધ્રુવ સુધી પહોંચનાર પ્રથમ દેશ પણ બન્યો. ચંદ્રયાન-૩ના સોફ્ટ લેન્ડિંગ પહેલા રોકાણકારોએ આ મિશન સાથે પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સંબંધિત કેટલાક શેરો પર નજર રાખી હતી. ચંદ્રયાન-૩ મિશનમાં યોગદાન આપનારા ઘણા શેરોના ભાવ પણ બુધવારના ટ્રેડિંગ સેશન દરમિયાન તેમની ૫૨-સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચી ગયા હતા.

દેશભરની ૩૦ કર્મચારી રાજ્ય વીમા નિગમની હોસ્પિટલોમાં કીમોથેરાપી સેવાઓ શરૂ

નવીદિલ્હી,

કર્મચારી રાજ્ય વીમા નિગમ એ દેશભરની ૩૦ ઈએસઆઈસી હોસ્પિટલોમાં કેન્સરની સારવાર માટે કીમોથેરાપી શરૂ કરી છે. કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ભૂપેન્દ્ર યાદવે અહીં ઈએસઆઈસી હેડક્વાર્ટર ખાતે કોર્પોરેશનની ૧૯૧મી બેઠક દરમિયાન દેશભરની ૩૦ ઈએસઆઈસી હોસ્પિટલોમાં કીમોથેરાપી સેવાઓ શરૂ કરી.

આ પ્રસંગે બોલતા ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે અમૃત કાલમાં શ્રમ યોગીઓના સર્વાંગી કલ્યાણના વિઝનને સાકાર કરવાની દિશામાં આ એક પગલું છે.

ઈન-હાઉસ કીમોથેરાપી સેવાઓની રજૂઆત સાથે, વીમાધારક કર્મચારીઓ અને તેમના આશ્રિતો સરળતાથી કેન્સરની સારી સારવાર મેળવી શકશે. કેન્દ્રીય મંત્રીએ ઈએસઆઈસીના ડેશબોર્ડ સાથેના કંટ્રોલ રૂમનું પણ ઉદ્ઘાટન કર્યું. ડેશબોર્ડ ઈએસઆઈસી હોસ્પિટલોમાં સંસાધનો અને પથારીઓ, ચાલુ બાંધકામ પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ વગેરેની વધુ સારી દેખરેખની ખાતરી કરશે.

ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે કોર્પોરેશને નિર્ણય લીધો છે કે ઈએસઆઈસી હોસ્પિટલોમાં કુશળ તબીબી વ્યાવસાયિકોની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ઈએસઆઈસી તબીબી શિક્ષણના ક્ષેત્રમાં તેનું કાર્ય આગળ વધારશે. તેમણે કહ્યું કે જરૂરિયાતનું મૂલ્યાંકન કર્યા પછી, નવી ઈજીૈંઝ મેડિકલ કોલેજો અને હોસ્પિટલોની સ્થાપના કરવામાં આવશે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં આઠ મેડિકલ કોલેજ, બે ડેન્ટલ કોલેજ, બે નર્સિંગ કોલેજ અને એક પેરા મેડિકલ કોલેજની સ્થાપના થઈ છે અને ચાલી રહી છે. ચાલુ બાંધકામ પ્રોજેક્ટ્સની સમીક્ષા સાથે બેઠકમાં તબીબી સંભાળ સેવાઓ, વહીવટ, નાણાકીય બાબતોમાં સુધારાને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા અને નિર્ણય લેવામાં આવ્યો હતો.

બેઠકમાં ૧૫ નવી ઈએસઆઈસી હોસ્પિટલો, ૭૮ ઈએસઆઈ દવાખાનાઓ, ઈએસઆઈસી હોસ્પિટલ, બેલટોલા, આસામ,ઈએસઆઈસી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, કેકે નગર, ચેન્નાઈ, તમિલનાડુ અને એસઆઈસી મેડિકલ કોલેજમાં પથારીની સંખ્યામાં વધારો કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. હોસ્પિટલ, ફરીદાબાદ, હરિયાણા.ની મંજૂરી આપવામાં આવી હતી.

શેલ કંપનીઓમાં ૨૦ હજાર કરોડ કોના? કોંગ્રેસ નેતા જયરામ રમેશ



નવીદિલ્હી,

કોંગ્રેસ સાંસદ જયરામ રમેશે પ્રેસ કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૌતમ અદાણી વચ્ચેના કથિત સંબંધો પર સવાલ ઉઠાવ્યા છે. જયરામ રમેશે આરોપ લગાવ્યો કે, '૨૮ જાન્યુઆરીથી ૨૮ માર્ચ સુધી કોંગ્રેસ પાર્ટીએ અદાણીને લઈને પીએમ મોદીને ૧૦૦ પ્રશ્નો પૂછ્યા અદાણીની શેલ કંપનીઓમાં ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનો માલિક કોણ છે તેની અમને કોઈ જાણકારી નથી.'

તેમણે વધુમાં કહ્યું કે, 'રાહુલ ગાંધીએ લોકસભામાં આ મુદ્દાઓ પર વાત કરી અને તેમને લોકસભામાંથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા. આ અદાણીનો મુદ્દો નથી, 'મોદાણી'નો મુદ્દો છે. ખરો મુદ્દો પીએમ મોદી અને અદાણી વચ્ચેના સંબંધોનો છે. આરોપો લગાવતા પહેલા જયરામ રમેશે પ્રેસ કોન્ફરન્સની શરૂઆતમાં કહ્યું, '૯મી સમિટ ૨૦૧૪માં ઓસ્ટ્રેલિયામાં યોજાઈ હતી. ત્યારબાદ ભારતના વડા પ્રધાને જી ૨૦ સભ્યોને કહ્યું કે કાળાં નાણાં સામે, તેને એકત્રિત કરનારાઓ સામે, શેલ કંપનીઓ સામે અને ટેક્સ હેવન્સ (જે દેશોમાં ટેક્સ મુક્તિ છે) સામે બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ, પરંતુ આગામી ૧૮મી જી ૨૦ સમિટ છે. આ સપ્તાહથી યોજાશે. આજે અમેરિકા, ઈંગ્લેન્ડ અને આપણા દેશના અખબારોમાં એવું બહાર આવ્યું છે કે વડા પ્રધાનના પ્રિય મિત્ર, મૂડીવાદી મિત્રએ શેલ કંપનીઓનો ઉપયોગ કર્યો છે, જેમાં સેબી (રેગ્યુલેટરી બોડી)ના તમામ નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે. આ વર્ષે ફેબ્રુઆરીમાં, રાહુલ ગાંધી ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના આભારના મત પર બોલી રહ્યા હતા. આ દરમિયાન તેમણે વડાપ્રધાન મોદી અને ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વચ્ચેના કથિત સંબંધો પર સવાલ ઉઠાવ્યા હતા. તેણે કહ્યું, 'ભારત જોડો યાત્રા દરમિયાન મેં દરેક જગ્યાએ અદાણીનું જ નામ સાંભળ્યું હતું.' સંસદમાં પોતાના ભાષણ દરમિયાન રાહુલે એક તસવીર પણ દેખાડી હતી જેમાં વડાપ્રધાન મોદી અને ગૌતમ અદાણી સાથે જોવા મળ્યા હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

સંતરામપુરમાં નગરપાલિકા દ્વારા કચરામાંથી વેસ્ટમાંથી બેસ્ટ બનાવવા માટે ટોમીલ મશીનનો પ્લાન્ટ નખાયો

સંતરામપુર,

સંતરામપુર નગરમાં વર્ષોથી ગામનો કચરો કઈ ઠાલવવો તેના માટે નગરપાલિકાને ઘણી મોટી સમસ્યા વેચવી પડતી હતી. વર્ષો પછી સંતરામપુર નગરપાલિકા વાલ્મિકી વાસ બાજુ ટોમીલ પ્લાન્ટનો નાખવામાં આવ્યો અને રોજ ૨૦૦ થી ૩૦૦ ટન જેટલો આ મશીનમાં કચરાનો નિકાલ કરવામાં આવે છે. આ મશીન દ્વારા બંને વિભાગોમાં કામગીરી કરવામાં આવે છે. એક બાજુ તેનો ખાતરનો ઉપયોગ થઈ રહે છે. જ્યારે બીજી બાજુ પ્લાસ્ટિક અલગ કરીને તેનો દાણા બનાવવામાં આવતા હોય છે. નગરના અલગ અલગ વિસ્તારોમાં નિકાલ કરવા માટે પાલિકા વર્ષોથી અલગ અલગ જગ્યાએ કચરો ઠાલવીને નગરમાંથી કચરો નિકાલ કરતી હતી પરંતુ ઘન કચરો નિકાલ કરવા માટે પાલિકા પહેલી વાર પ્લાન્ટ નાખીને વેસ્ટ માંથી બેસ્ટ બનાવે છે અને અત્યારે તેનો સદ ઉપયોગ પણ થઈ રહ્યો છે અત્યાર સુધીમાં સંતરામપુર નગરપાલિક ૩૦૦૦ જેટલો ઘન કચરાનો નિકાલ કરી દીધો છે સૌથી વધારે પ્લાન્ટમાં ડેમેજ થઈ ગયો અને સૌથી જૂનો કચરાનો ધીરે ધીરે ઉપયોગ કરવામાં આવે છે થોડા સમય પછી વર્ષોથી પ્રશ્નો શંખેશ્વર આઈસ મીલની પાછળ જે ઘન કચરો ભેગો થયેલો છે તેને પણ ઉપાડીને ઉપયોગ કરી લેવામાં આવશે. હવે સંતરામપુર નગરના કોઈપણ વિસ્તારમાં મોટાભાગના કચરાના ઢગલા જોવા મળશે જ નહીં પાલિકા એક સારો રસ્તો શોધીને નગરને સ્વચ્છ બનાવવા માટેનું અભિયાન હાથ ધર્યો છે. પાલિકા દ્વારા ડોર ટુ ડોર કચરાનો ઉપાડ કરીને આશરે ૧૦ થી ૧૫ ગાડી રાઉન્ડ મારીને ગામ માંથી કચરો ઉપાડી લે છે અને નગરજનો માટે ગામ માંથી કચરો નિકાલ કરવા માટેનો સૌથી મોટો રસ્તો સારો મળી ગયો છે. પાલિકા હવે ઘન કચરા માંથી વેસ્ટ માંથી બેસ્ટ બનાવીને સારી એક આવક પણ મેળવે છે અને થોડા સમય પછી નટવા ગામે પ્લાન્ટનું સ્થાપન કરીને મોટાભાગનો અને મોટાપાયે ઘન કચરા માટેનું પ્લાન તૈયાર કરવામાં આવ્યો તે પણ હવે ટૂંક સમયમાં પણ શરૂ કરવામાં આવશે હાલમાં મશીન દ્વારા કચરાનો મોટી સંખ્યામાં ખાતર બનાવવાનું પણ કામગીરી ચાલુ રાખેલી છે અને મોટાભાગના આ ખાતાનો ઉપયોગ પણ તૈયાર થઈ રહ્યો છે. ૧૨ ની એજન્સી દ્વારા પ્લાસ્ટિક અને ખાતર પણ તેની માંગ ઉભી થયેલી છે.

પ્રજાપિતા બ્રહ્માકુમારી દ્વારા પોલીસ કર્મચારીઓને રક્ષા બાંધીને રક્ષાબંધની ઉજવણી કરવામાં આવી

બાલાસિનોર,

દુઃખ, અશાંતિનું કારણ એવાં અવગુણો અને બુરાઈઓને છોડવાના શુભ સંકલ્પ સાથે રક્ષાની પવિત્ર ગાંઠ બાંધવામાં આવી. પ્રજાપિતા બ્રહ્માકુમારી બહેનો દ્વારા બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન ખાતે જઈને ઈશ્વરના ઘરની રાખડી બાંધવામાં આવે છે. આ અન્વયે બ્રહ્માકુમારી સંસ્થાની આ બહેનો દ્વારા આજે બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. બ્રહ્માકુમારીની બહેનો દ્વારા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર અંજુમન નિનામા તેમજ કર્મીઓને રક્ષા બાંધીને પરમાત્માનો સંદેશ દરેક આત્મા શોધી પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. જીવનમાં શાંતિ અને દુઃખના કારણે એવાં અવગુણો અને બુરાઈઓને છોડીને શુભ સંકલ્પોની ગાંઠ બાંધી બહેનોના પવિત્ર પ્રેમનો ધાગો આ પોલીસ કર્મચારીઓના કાંડે બાંધવામાં આવ્યો હતો. પોલીસ કર્મીઓ સમાજમાં શાંતિની સ્થાપના સાથે બહેનોની મુશ્કેલીના સમયે તેમની સાથે ઉભાં રહે તેવી અપેક્ષા તેમણે આ તકે વ્યક્ત કરી હતી.

કડાણાના દાલમિયા પંચાયતમાં સરપંચ પુત્રી-પિતા દ્વારા ખોટી સહીઓ કરી ૧.૨૦ લાખનો ગેરવહીવટ કર્યાનુ સામે આવ્યુ

દિવડાકોલોની,

કડાણા તાલુકાની દાલમિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરપંચ પિતા–પુત્રીએ સાથે મળી સરકારી યોજનાના રૂ.૧.૨૦ લાખનો ગેરવહીવટ પણ કર્યો હોવાના પુરાવા સાથે દાલમિયા પંચાયતના તત્કાલિક તલાટી ક.મં.નિરાલીબેન ભમાત દ્વારા કડાણા પોલીસ સ્ટેશનમાં આક્ષેપ કરતી અરજી કરી છે જેમાં જણાવ્યુ છે કે,દાલમિયા પંચાયતમાં સરપંચ તરીકે કૈલાશબેન અરવિંદભાઈ વાગડીયા ચુંટાયેલા છે પરંતુ પંચાયતનો તમામ વહીવટ સરપંચના પિતા અરવિંદભાઈ વાગડીયા કરે છે. તલાટી તરીકે નિરાલીબેનને જાણ થઈ કે, યોજનાકિય ખાતાઓની ચેકબુક બેંકની વિગતો સરપંચના પિતા અરવિંદભાઈ તેમની પાસે રાખે છે ત્યારે તલાટી તરીકે ચેકબુકોની માંગણી કરી ત્યારે નોકરી ના થાય તો છોડી દો બાકી કલેક્ટર આવે તો પણ ચેકબુક તો નહિ મળેનુ જણાવ્યુ હતુ. તા.૨૩/૦૮/૨૦૨૩ના રોજ તલાટી નિરાલીબેનની બદલી સંતરામપુર થતાં પંચાયતના રોજમેળ લખવા જતા બરોડા ગુજરાત ગ્રામિણ બેંકમાં આવેલ સ્વભંડોળની પાસબુકનુ સ્ટેટમેન્ટ જોતા તેમના ધ્યાન ઉપર આવ્યુ કે તા.૨૦/૦૭/૨૦૨૩ના રોજ ચેક નં.૪૫૮૨૧૦ તેમના ખોટી સહી તથા સિક્કા કરી રૂ.૧.૨૦ લાખની રકમ સરપંચ કેલાશબેન વાગડીયાએ તેમના પિતા અરવિંદભાઈના નામે રોકડ ભરી બારોબાર તલાટીની જાણ બહાર ઉપાડી લીધા હતા. ત્યારે તલાટીના ખોટા સહી–સિક્કા કરી સરકારી નાણાંનો ગેરવહીવટ કરનાર સરપંચ અને તેમના પિતા વિરુદ્ધ તપાસ કરી નાણાંની વસુલાત માટે કડાણા પોલીસ મથકે અરજી આપવામાં આવી હતી.

ગોધરામાં પંચમહાલ ગોધરા રેન્જ ડી.આઇ.જીની અધ્યક્ષતામાં અરજદારોએ સંલગ્ન પોતાના પ્રશ્નો રજૂ કર્યા

ગોધરા,

ગોધરા શહેરમાં આવેલા જિલ્લા તાલીમશાળા ખાતે પંચમહાલ ગોધરા રેન્જ ડી.આઇ.જી. આર.વી.અસારીની અધ્યક્ષતામાં મધ્ય ગુજરાતના ત્રણ જિલ્લાઓનો લોક દરબાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પંચમહાલ, ગોધરા અને દાહોદ જિલ્લાના અરજદારોએ ઉપસ્થિત રહીને પોલીસ વિભાગને સંલગ્ન પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરના પોલીસ મુખ્યમથક ખાતે આવેલ જિલ્લા તાલીમશાળા ખાતે ગોધરા રેન્જ ડી.આઇ.જી આર.વી. અસારીની અધ્યક્ષતામાં લોક દરબાર યોજવામાં આવ્યો છે. જેમાં મધ્ય ગુજરાતના પંચમહાલ, દાહોદ અને મહિસાગર એમ સંયુક્ત રીતે ત્રણ જિલ્લાના અરજદારો માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ત્રણ જિલ્લાના અરજદારોએ ઉપસ્થિત રહીને લેખિત તથા મૌખિક રીતે રેન્જ ડી.આઇ.જી. સમક્ષ પોલીસ વિભાગને સ્પર્શતા પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. અરજદારોએ જમીનને લગતા, સાયબર ક્રાઈમ, અસામાજિક તત્વોના રંજાડ તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો છેદ ઉડાવતા તત્વો સામે લોક દરબારમાં રજૂઆત કરી હતી. રેન્જ ડી.આઇ.જી આર.વી. અસારી દ્વારા સંલગ્ન જિલ્લાના પોલીસ અધિક્ષક તથા અન્ય પોલીસ અધિકારીઓને સ્થળ પર જ અરજદારોના પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રાજદીપસિંહ ઝાલા અને મહિસાગર પોલીસ અધિક્ષક સહિત ત્રણ જિલ્લાના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

હાલોલના અભેટવા ગામનો ૨૩ વર્ષીય યુવાનનું પેરાફીટ ઉપરથી પડી જતાં મોત

હાલોલ,

હાલોલ તાલુકાના અભેટવા ગામે ૨૩ વર્ષીય યુવાન ગેલેરીની પેરાફીટ ઉપરથી નીચે પડતા ગંભીર ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના અભેટવા ગામે મહાકાળી ફળીયામાં રહેતા નરેન્દ્રસિંહ ચંદુભાઈ રાઠોડ ઉ.વ.૨૩ ગેલેરીની પેરાફીટ ઉપરથી નીચે પડી જતાં માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ગભીર ઈજાઓ થતાં યુવાનનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ પોલીસ મથકએ મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

ડાકોર મંદિરમાં દિવ્યાંગો સહિત ૩ ગામોના લોકોને નિઃશુલ્ક દર્શનની છૂટ

ડાકોર,

ડાકોરમાં વીઆઈપી દર્શનને લઈને ઉઠેલા વિવાદના વંટોળ બાદ હવે આખરે ટ્રસ્ટે પારોઠના પગલાં ભર્યા છે. મંદિર ટ્રસ્ટે ડાકોરના ઠાકોરના દર્શનને લઈને મહત્વનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત તમામ સિનિયર સિટિઝન, દિવ્યાંગો, ગર્ભવતીઓ, ધાત્રી માતાઓ નિઃશુલ્ક ઠાકોરજીના સન્મુખ દર્શન કરી શકશે.આ ઉપરાંત ડાકોર, ઠાસરા અને ઉમરેઠ વિસ્તારના ભક્તો પણ મફતમાં સન્મુખ દર્શન કરી શકશે. બીજી તરફ અન્ય ભક્તો માટે રણછોડરાયજીના સન્મુખ દર્શન માટે રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. હાલ પૂરતું ઓફિસમાં ઓફલાઈન રજિસ્ટ્રેશન કરાવી ભક્તો દર્શનનો લાભ લઈ શકશે. ભવિષ્યમાં ઓનલાઈન રજિસ્ટ્રેશન થકી ભક્તોને સન્મુખ દર્શન કરાવવામાં આવશે.

સમગ્ર મામલે ટ્રસ્ટીઓ સાથે બેઠક યોજવામાં આવશે. જે બાદ ટ્રસ્ટીઓ અંતિમ નિર્ણય લેશે. જો કે ડાકોર મંદિર ટ્રસ્ટના નવા નિર્ણયથી પણ વિરોધનો સૂર ઉઠવાના એંધાણ છે. કેમકે ફક્ત ૩ ગામના નાગરિકોને મફત દર્શનની છૂટ મળતા અન્ય શહેરોના નાગરિકોને અન્યાય થઈ શકે છે.

ગોધરામાં સોશ્યલ મીડીયાની ફરિયાદની તપાસ માટે NIA ટીમે પશ્ચિમ વિસ્તારના ઈસમની પુછપરછ કરી

ગોધરા,

સોશ્યલ મીડીયા અંગે નોંધાયેલ ફરિયાદમાં બેંગ્લોર એન.આઈ.એ.ની ટીમ ગોધરા ખાતે આવી પશ્ચિમ વિસ્તારના ઈસમની પુછપરછ કરવામાં આવી.

ગોધરા શહેરમાં બેંગ્લોર એન.આઈ.એ. ટીમ તપાસ માટે પહોંચી હતી. સોશ્યલ મીડીયા અંગેની નોંધાયેલ ફરિયાદમાં તપાસ માટે આવેલ એન.આઈ.એ. ટીમ દ્વારા ગોધરા પશ્ચિમ વિસ્તારના એક ઈસમની પુછપરછ કરાઈ હતી.

ગરબાડાના ભે ગામેથી રિવોલ્વર અને ૭ જીવતા કારતુસ સાથે ઈસમને ઝડપ્યો



ગરબાડા,

ગરબાડા તાલુકાના ભે ગામેથી પોલીસે એક ઈસમ પાસેથી રિવોલ્વર તથા ૭ રાઉન્ડ કાતુસ ઝડપી પાડ્યા હતા.

ગરબાડા પોલીસને બાતમી મળી હતી કે,ભે ગામમાં રહેતા એક શખ્સના ઘરે રિવોલ્વર છે જેના આધારે પોલીસે ભે ગામે ભાગોળ ફળિયામાં રહેતો લાલચંદભાઈ નાથીયાભાઈ ભુરીયાને ઝડપી પાડી તેની ઘરની તલાશી લેતા તેમાંથી એક રિવોલ્વર અને સાત કારતુસ એક મોબાઈલ ફોન વગેરે મળી કુલ રૂ.૨૬,૩૦૦/–નો મુદ્દામાલ પોલીસે કબ્જે કર્યો હતો. જાણવા મળ્યા અનુસાર આ રિવોલ્વર ઉપરોક્ત ઈસમ દ્વારા પોતે પોતાના ઉપયોગ માટે, મોજ શોખ કરવા કે કોઈને વેચવા અથવા તબદીલ કરવા રાખેલ હતી. આ સંબંધે ગરબાડા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

લીમખેડાના ભીલપાણીયા ગામે પગ લપસી જતાં નદીમાં પડેલ યુવાનનું મોત

લીમખેડા,

લીમખેડા તાલુકામાં બે જુદા જુદા સ્થળે અકસ્માતોના બે અલગ અલગ બનાવોમાં બે વ્યક્તિઓના મોત નીપજ્યાં હતા. અકસ્માત મોગ અંગેનો પહેલો બનાવ લીમખેડા તાલુકાના ભીલપાણીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં માળી ફળિયાના ૪૩ વર્ષિય સરતાનભાઈ રાયાભાઈ બિલવાલ બપોરના સમયે સતી ફળિયા નજીક નદીમાં ન્હાવા ગયા હતા. જયાં સરતાનભાઈ બિલવાળનો અકસ્માતે પગ લપસી જતાં તેઓ ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતા આસપાસના ભેગા થયેલા લોકોએ સ્થાનિક તરવૈયાઓની મદદથી સરતાનભાઈના મૃતદેહને બહાર કાઢયો હતો.

અકસ્માત મોત અંગેનો બીજો બનાવ લીમખેડા તાલુકાના દુધિયા ગામે બનવા પામ્યો હતો. જેમાં હાંડી ફળિયાના ૫૮ વર્ષિય બચુભાઈ હિરાભાઈ પરમાર ખેતરમાં ઘાસ કાપવા માટે ઘરેથી નીકળ્યા હતા જયાં રસ્તામાં બચુભાઈ પરમાર અગમ્ય કારણોસર પડી જતા તેઓના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સ્થાનિકો દ્વારા ૧૦૮ મારફતે ખસેડતા સારવાર દરમિયાન મોત બચુભાઈ પરમારનુ મોત નીપજયું હતુ.

શહેરાના હોસેલાવ ચોકડી રામદેવ હોટલ સામે બાઈક રોડ ક્રોસ કરતાં ૪૭ વર્ષીય વ્યકિતને અડફેટમાં લેતા મોત

શહેરા,

શહેરા તાલુકાના હોસેલાવ ચોકડી રામદેવ હોટલ સામે બાઈક ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોડ ક્રોસ કરતા ૪૭ વર્ષીય આધેડને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરા તાલુકાના હોસેલાવ ચોકડી રામદેવ હોટલ સામેથી પસાર થતી બાઈક નં.જીજે.૧૭.સીડી.૦૯૩૭ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોડક્રોસ કતા સુબાભાઈ સાલમભાઈ પગી ઉ.વ.૪૭ને અડફેટમાં લઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા દવા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

હાલોલના મુલધરી ગામે જુગાર રમતા ૬ જુગારીયાને પોલીસે ઝડપ્યા

હાલોલ,

હાલોલ તાલુકાના મુલધરી ગામે વડવાળા ફળીયામાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે દરમિયાન પોલીસે રેઈડ કરી ૬ જુગારીયાને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના મુળધરી ગામે વડવાળા ફળીયામાં જાહેરમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન અનિલ ગુલાબસિંહ પરમાર, દશરથભાઈ ઉર્ફે મરીભાઈ, જગદીશભાઈ ઉર્ફે ભયો, કલ્પેશકુમાર ઉર્ફે સકરો, રમેશભાઈ ઉર્ફે ગમો, ગુલાબભાઈ પરમારને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ ઈસમો પાસેથી દાવ ઉપર મુકેલ અને અંગઝડતીમાં ૨,૭૯૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

આપની આજ.......

મેષ : આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે.

વૃષભ : ગણેશજી કહે છે, આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે. સાંજે કામ અટકી પડવાની સંભાવના છે.

મિથુન : આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. વિવાહિત જીવનમાં સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધી સાથે વ્યવહાર ના કરો કારણકે સંબંધ ખરાબ થવાની સંભાવના છે.

કર્ક : આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે. નવી ડીલથી સ્ટેટસ, પ્રતિષ્ઠામાં વધારો થશે. તમે રાત્રે કેટલાંક અપ્રિય લોકોને મળી શકો છો.

સિંહ : આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. બાળકની કોઈપણ સ્પર્ધામાં અણધારી સફળતા વિશે જાણવા મળશે. સાંજ સુધીમાં કોઈ અટકેલું કામ પૂર્ણ થઈ શકે છે.

કન્યા : આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે નવા પ્રયત્નો સફળ થશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

તુલા : આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે.

વૃશ્ચિક : આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે. સાસરાવાળા તરફના સહયોગથી વધુ ફાયદો થઈ શકે છે.

ધનુ : આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. કેટલાક લોકોને આંખની સમસ્યા નડી શકે છે અથવા અનિદ્રાની સમસ્યા હોઈ શકે છે.

મકર : આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે. કેટલાક પ્રતિકૂળ સમાચારને લીધે તમારે અચાનક બહાર જવું પડી શકે છે.

કુંભ : આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. જો તમે શરીરને થોડો આરામ આપો તો તે વધુ સારું રહેશે.

મીન : આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.

સંજેલી વિભાગ કેળવણી મંડળની ઓફિસમાં અગમ્ય કારણોસર તોડફોડ કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં આવેલ સંજેલી વિભાગ કેળવણી મંડળમાં એક ઈસમ દ્વારા આ મંડળમાં અગમ્ય કારણોસર તોડફોડ કરી તેમજ સરસામાને નુકસાન પહોંચાડતા પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી હતી.

સંજેલી નગરમાં રહેતા કામાખ્યાસિંહ કાલીકાકુમાર ચૌહાણ દ્વારા સંજેલી નગરમાં રહેતા મેઈન બજારમાં ડીમ્પલકુમાર ઓચ્છવલાલ દેસાઈના હસ્તકની આવેલ સંજેલી વિભાગ કેળવણી મંડળમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અને મુકી રાખેલ અગત્યના ડોકયુમેન્ટ તથા સરસામાનને નુકસાન પહોંચાડી તેમજ શાળાના ઓરડા તોડી નાંખી ભારે નુકસાન કર્યુ હતુ. આ સંબંધે ડીમ્પલકુમાર ઓચ્છવલાલ દેસાઈએ સંજેલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

દે.બારીયાના બામરોલી ગામે બાઈક ચાલકે રોડ સાઈડ સાથે અથડાતા ચાલક સહિત બેના મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાના બામરોલી ગામે રોડ ઉપર એક મોટરસાયકલના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલ પૂર ઝડપે હંકારી લાવતા મોટરસાયકલ રસ્તાની બાજુમાં આવેલ એક ઝાડ સાથે ધડાકાભેર અથડાઈ હતી એના પગલે મોટરસાયકલ પર સવાર ચાલક સહિત બંનેના મોત નીપજ્યાનો જાણવા મળે છે.

ગત તારીખ ૨૯ મી ઓગસ્ટના રોજ દેવગઢ બારીયા તાલુકાના કાળિયા કુવા ગામે નિશાળ ફળિયામાં રહેતા ગીરીશભાઈ ભારતભાઈ નાયક તથા તેમની સાથે અર્જુનભાઈ બાબુભાઈ નાયક એમ બંને જણા એક મોટર સાયકલ પર સવાર થઈ દેવગઢ બારિઆ તાલુકાના બામરોલી ગામે લવારીયા ડુંગરના જંગલમાં રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે ગિરીશભાઈએ પોતાના કબજાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતા સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો અને રસ્તાની બાજુમાં આવેલ એક મહુડાના ઝાડ સાથે મોટરસાયકલ ધડાકાભેર અથડાતા ઉપરોક્ત બંને વ્યકિતઓ મોટરસાયકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયા હતા. જેને પગલે અર્જુનભાઈને શરીરે હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. તારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત ગિરિશભાઈને તાત્કાલિક નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવતા તેઓનું પણ સારવાર દરમિયાન મોત નીપજયું હતુ. ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી.

આ સંબંધે દેવગઢ બારિઆ તાલુકાના કાળિયા કુવા ગામે નિશાળ ફળિયામાં રહેતા અજય ભાઈ ભારત ભાઈ નાયક દ્વારા સાકટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગોધરા તાલુકાના ગોઠડા ગામે માઈન્સમાં હિટાચી અને ડમ્પર વચ્ચે અકસ્માતમાં એકનું મોત

ગોધરા,

ગોઠડા ગામે કવોરી માઈન્સમાં હિટાચી મશીન અને ડમ્પર વચ્ચે અકસ્માત થતાં ડમ્પર ચાલકનુ મોત નીપજ્યું હતુ આ બનાવ અંગે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી હતી.

સણસોલીના વિક્રમસિંહ રાઠોડ મધવાસની એકતા એસો.કંપનીના ડમ્પર ચાલક તરીકે ફરજ બજાવતા હતા. વિક્રમસિંહ રાઠોડ ડમ્પર લઈને ગોધરા તાલુકાના ગોઠડા ગામે આવેલી કેપિટલ કવોરીની માઈન્સમાં આવ્યા હતા. જયાં માઈન્સની ખીણમાં પથ્થર ભરી રહેલા હિટાચી મશીન સાથે ડમ્પરનો અકસ્માત સર્જાયો હતો. જેમાં હિટાચી મશીન પાછળથી ઉંચુ થઈ જતાં તેનો દાંતો ડમ્પર ચાલક વિક્રમસિંહને વાગતા મોત નીપજયું હતુ. સમગ્ર ઘટનાની જાણ થતાં ડમ્પર ચાલક વિક્રમસિંહ રાઠોડના માતા ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આ સમગ્ર મામલે કાંકણપુર પોલીસ મથકે હિટાચી મશીનના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પામી છે.

દાહોદ જીલ્લાના ગરબાડા નજીક જેસાવાડા-નઢેલાવ માર્ગ પર લૂંટની ઘટનાથી ચકચાર

- કાળીચા કોતરના વળાંકમાં પાંચ જેટલા અજાણ્યા બુકાનીધારી લૂંટારૂઓએ બાઈક સવાર દંપત્તિને નિશાન બનાવી લાખો રૂપિયાની માલમતા લુંટી ફરાર.
- સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની લૂંટ,તમામ ઈજાગ્રસ્તો ઝાયડસમાં સારવાર હેઠળ.
- રાખડીનો તહેવાર મનાવવા જતો પરિવાર લૂંટાયોઃ પોલીસ તપાસમાં જોતરાઈ.

દાહોદ,

ગરબાડા તાલુકાના જેસાવાડા ગામનો દંપતી બાળકો જોડે રાખડી નો તહેવાર મનાવવા નઢેલાઓ મુકામે જઈ રહ્યો હતો. તે સમયે રસ્તામાં કાળિયા કોતરના વળાંકમાં બાઈક પર આવેલા અજાણ્યા લૂંટારૂએ મહિલાના માથામાં લાકડીના ફટકા મારી પાડી દીધા બાદ નજીકના કોતરમાં છુપાયેલા અન્ય ચાર લૂંટારૂઓ સહિત પાંચ લૂંટારૂઓએ બાઈક સવાર દંપતિને માર મારી સોના ચાંદીના દાગીના તેમજ રોકડ મળી લાખો રૂપિયાની માલમતાની લૂંટ ચલાવી ભાગી છુટયાનું જાણવા મળેલ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના જેસાવાડા ગામે રહેતા અનીલકુમાર અમ્રતલાલ દેવડા, નિશાબેન અનીલકુમાર દેવડા, નિર્ભય અનીલકુમાર દેવડા રહેવાસી જેસાવાડા, વર્ષીય સંજય ભાઈ અમ્રતભાઈ દેવડા રહેવાસી જેસાવાડા,વર્ષીય અંકિતાબેન સંજયભાઈ દેવડા રહેવાસી જેસાવાડા, સ્મિત સંજય ભાઈ દેવડા સહીત છ લોકોનો પરિવાર રાખડીનો તહેવાર મનાવવા તેમના માતા–પિતાના ઘરે નઢેલાવ જવા સવારના ૮:૩૦ વાગ્યાના સુમારે બાઈક પર નીકળ્યા હતા. જ્યાં રસ્તામાં કાળિયા કોતરના વળાંકમાં પાછળથી એક બાઈક સવાર દુકાને ધારી લૂંટારો પોતાની હાથમાં લાકડી લઈને આવી પાછળ ચાલી રહેલા સંજયભાઈની પત્ની અંકિતાબેનના માથાના ભાગે મારી બાઈક પરથી પાડી દીધી હતી. જે બાદ બૂમાબૂમ થતા બાઈક પર આગળ ચાલતાં અનિલભાઈ પણ રોકાઈ ગયા હતા. તે સમયે બાઈક સવાર લુંટારૂએ તેના જોડે લૂંટના સંતાયેલા અન્ય ચાર લૂંટારૂઓને બોલાવી લેતા પાંચે લૂંટારૂઓએ ભેગા મળી બાઈક સવાર બંને દંપતિ તેમજ તેમના બાળકોને ગડદાપાટુનો માર મારી સોનાનું મંગળસૂત્ર, સોનાનો દોરો, સોનાના ઝુમકા, ચાંદીની પાયલો, તેમજ અનિલભાઈ ના પાકીટમાં પડેલા ૨૩,૦૦૦ રોકડા, ડ્રાઈવિંગ લાઈસન્સ સહિત અન્ય દસ્તાવેજો મળી લાખો રૂપિયાની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. જે બાદ લૂંટનો ભોગ બનનાર અનિલભાઈએ જેસાવાડા પોલીસને જાણ કરતા જેસાવાડા પોલીસ મથકના પી.એસ.આઈ. રામી સહિત પોલીસ જવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત દંપતી તેમજ બાળકોને નજીકના રેફરલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તમામ ઈજાગ્રસ્તોને દાહોદના ઝાયડસ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા. હાલ આ સમાચાર રેકોર્ડ થાય છે ત્યાં સુધી પોલીસ ફરિયાદ નોંધાવી નથી પરંતુ આ મામલે જેસાવાડા પોલીસે લૂંટ સંબંધી ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી લૂંટારોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

દાહોદ જીલ્લામાં ત્રણ જગ્યાએથી ૪.૩૭ લાખના દારૂ પીકપ સાથે ત્રણ ઈસમો ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લામાં ત્રણ જુદી જુદી જગ્યાએ પોલીસે પ્રોહી રેડ કરી રૂપિયા ૪,૩૭,૦૧૦ ના પ્રોહી જથ્થા સાથે એક પિકઅપ ફોરવીલર ગાડી તેમજ ત્રણ મોબાઈલ ફોન મળી ત્રણ ઈસમોની અટકાયત કરી હોવાનું જ્યારે ૮ ઈસમો નાસી જવામાં સફળ રહ્યાનું જાણવા મળે છે.

પ્રોહિબિશનનો પ્રથમ બનાવ દાહોદ તાલુકાના ખરેડી ગામે બનવા પામ્યો હતો. જેમાં દાહોદ તાલુકા પોલીસને મળેલ બાંધણીના આધારે ગત તારીખ ૩૦ ઓગસ્ટના રોજ રાકેશભાઈ અર્જુનભાઈ ભુરીયા (રહે. ગલાલીયાવાડ દ્રષ્ટિ નેત્રાલય પાસે તા. જી.દાહોદ), બાદલભાઈ અમરસિંહભાઈ સાંસી (રહે. ગલાલીયાવાડ દાહોદ, તા. જી. દાહોદ) અને અંકુરભાઈ રમસુભાઈ દહમા (રહે. મધ્યપ્રદેશ) આ ત્રણેય ઈસમો ખરેડી ગામે પોતાના કબ્જામાં રાખેલ વિદેશી દારૂનો જથ્થો લઈ ઊભા હતા. તે સમયે પેટ્રોલિંગમાં નીકળેલ પોલીસને ઉપરોક્ત ત્રણેય ઉપર શંકા જતા ઉપરોક્ત ત્રણેય ઈસમોને પોલીસ પોતાની પાસે આવી રહી હોવાનું દેખાતા ઉપરોક્ત ત્રણેય ઈસમોએ સ્થળ પર જ વિદેશી દારૂનો જથ્થો મૂકી ભાગવાની કોશિશ કરી હતી. જેમાંથી પોલીસે રાકેશભાઈ ની અટકાયત કરી લીધી હતી અને બાદલભાઈ અને અંકુરભાઈ બંને ઈસમો પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યા હતા. પોલીસ એ સ્થળ પરથી વિદેશી દારૂની કુલ ૩૪૨ બોટલો જેની કુલ કિંમત રૂપિયા ૪૭,૯૭૦ નો પ્રોહી જથ્થો કબજે કરી આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રોહિબીશનનો બીજો બનાવ દાહોદ તાલુકાના લીમડાબરા ગામે ભાલાપીપળ ચોકડી પાસે બનવા પામ્યો હતો જેમાં ગત તારીખ ૨૯ મી ઓગસ્ટના રોજ કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે લીમડાબરા ગામે ભાલાપીપળ ચોકડી પાસે નાકાબંધી કરી આવતા જતા તમામ નાના–મોટા વાહનોની તલાસી હાથ ધરતા હતા. તે સમયે બાથમીમાં દર્શાવેલ એક પીકપ ફોરવીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને પીકઅપ ફોરવીલર ગાડી નજીક આવતાની સાથે જ પોલીસે તેને ચારે તરફથી ઘેરી લેવાનો પ્રયાસ કરતા અને ગાડીમાં સવાર ઈસમોને ઝડપી પાડવાની કોશિશ કરતા ગાડીમાં સવાર વિરેન્દ્રસિંહ દેવસિંગભાઈ ખસાવત, વિનોદભાઈ દેવસિંગભાઈ ખસાવત, અંકિતભાઈ સુરેશભાઈ ખસાવત, શક્તિ પંડિત, પીટોલ ખાતેથી વિદેશી દારૂ ભરી આપનાર (તમામ રહે. મધ્યપ્રદેશ), મયુર ઉર્ફે ભાવેશભાઈ અરવિંદભાઈ બામણ (રહે ચંદવાણા, બામણ ફળિયુ, તા. જી. દાહોદ) અને અર્જુનભાઈ સુરમલભાઈ પણદા (રહે. જાલત, તા. જી. દાહોદ) નાઓ પૈકી પોલીસે વિરેન્દ્રસિંહ અને વિનોદભાઈને ઝડપી પાડ્યા હતા. જ્યારે અન્ય ઈસમો નાસી જવામાં સફળ રહ્યા હતા. પોલીસે પીકઅપ ફોરવીલર ગાડી ની તલાસી લેતા તેમાંથી બીયરની કુલ બોટલો નંગ. ૨૧૮૪ જેની કિંમત રૂપિયા ૩,૪૧,૫૨૦ ના પ્રોહી જથ્થા સાથે ત્રણ મોબાઈલ ફોન તેમજ પીકપ ફોરવીલર ગાડીની કિંમત મળી પોલીસે કુલ રૂપિયા ૬,૫૨,૫૨૦ નો મુદ્દામાલ કબજે કરી આ સંબંધે કતવારા પોલીસે ઉપરોક્ત તમામ ઈસમો વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રોહિબિશનનો બીજો બનાવ ગરબાડા તાલુકાના ગાંગરડા ગામે બનવા પામ્યો હતો. તેમાં ગત તારીખ ૩૦ ઓગસ્ટના રોજ ગરબાડા પોલીસને મળેલ બાતમીના આધારે ગાંગરડા ગામે રહેતા વિક્રમભાઈ બાબુભાઈ બામણીયા ના રહેણાંક મકાનના પોલીસે ઓચિંતો છાપો મારતા પોલીસને જોઈ વિક્રમભાઈ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેના રહેણાંક મકાનમાં તલાસી હાથ ધરતા વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ ૪૦૮ જેની કુલ કિંમત રૂપિયા ૪૭,૫૨૦ નો પ્રોહિ જથ્થો પોલીસે કરી આ સંબંધે કતવારા પોલીસે ઉપરોકત વિરૂદ્ધ આગળની કાર્યવાહી કરી છે.

દે.બારીયા એસ.ટી. ડેપોના મેનેજરએ નશાની હાલતમાં કંડકટરનો કોલર ઝડપ્યો

દાહોદ,

દે.બારીયા એસ.ટી.ડેપો મેનેજર નશાની હાલતમાં ઉશ્કેરાઈ જઈને બારીયા–ગોધરા બસના કંડકટરનો કોલર પકડવામાં આવ્યો. વિવાદ થતાં ડેપો મેનેજર ઓફિસ છોડી નાશી છુટીયો.

દે.બારીયા એસ.ટી.ડેપો મેનેજર પોતાની ફરજ ઉપર નશાની હાલતમાં હોય ડેપોમાં બારીયા–ગોધરા બસના કંડકટર મેનજેરને રજુઆત કરવા માટે ગયા હતા. ત્યારે નશાની હાલતમાં ડેપો મેનેજર ઉશ્કેરાઈને કંડકટરનો કોલર પકડવામાં આવ્યો હોવાનો કંડકટર દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો. ડેપો મેનેજર નશામાં હોવાના આક્ષેપ મીડીયા સામે થતાં ડેપો મેનેજર પોતાની ચાલુ ફરજ ઉપરથી નાશી છુટીયો હતો.

નવજીવન સાયન્સ કોલેજ ના NSS એકમ દ્વારા NB જૈન અંધજન શાળા ખાતે રક્ષાબંધન પર્વ ઉજવવામાં આવ્યો

દાહોદ,

તા.૨૯/૦૮/૨૩ ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ ના એન.એસ.એસ. એકમ દ્વારા દત્તક ગામ છાપરીમાં આવેલ એન.બી.જૈન અંધજન શાળામાં પવિત્ર પર્વ રક્ષાબંધન ની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના તમામ સ્ટાફ સભ્યો અને શાળાના બાળકોને એન.એસ.એસ. સ્વયંસેવક બહેનો દ્વારા રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. તેમજ નવજીવન સાયન્સ કોલેજના તમામ સ્ટાફ સભ્યોને પણ રાખડી બાંધી કોલેજ કેમ્પસમાં પણ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન કાર્યકારી આચાર્ય ડો.જી.જે. ખરાદીના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસ ડો.શ્રેયસ પટેલ, રાહુલભાઇ ગોહિલ અને એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એન.એસ.એસ. ના ૨૫ બહેન સ્વયંસેવક ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

રક્ષાબંધનના પાવન પર્વે દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, દાહોદ તાલુકા પંચાયત પ્રમુખ વિજય ભાઈ પરમારે અંધ શાળા છાપરી મુકામે મુલાકાત લઈ દિવ્યાંગ બાળકોને ભોજન કરાવ્યું હતું અને ધારાસભ્યએ પણ સાથે જ ભોજન લીધુ હતું. સંસ્થા વિશે જાણકારી પણ મેળવી યથા યોગ્ય સહયોગ કરવાની બાંહેધરી પણ આપી હતી.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દાહોદ શાખા દ્વારા એસ.પી. કચેરી દાહોદ ખાતે રક્ષાબંધન પર્વ ઉજવવામાં આવ્યો

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા. ૨૯/૦૮/૨૩ ના રોજ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ના કાર્યકર્તા દ્વારા દાહોદ નગરના સુરક્ષા કર્મી જોડે રક્ષાબંધન પર્વની ઊજવણી કરવામાં આવી. જેમાં એ.એસ.પી. સિદ્ધાર્થભાઇ, ડી.વાય.એસ.પી. એસ.બી.રાઠોડ અને પોલીસ અધિક્ષકના તમામ પોલીસ ભાઈઓ અને બહેનોને ABVP ની બહેન કાર્યકર્તા દ્વારા રાખડી બાંધી અને પોલીસ જવાનો સાથે ભાઈ અને બહેનના પવિત્ર પર્વ રક્ષાબંધનની ઊજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નિમિત્તે અ.ભા.વિ.પ.ના દાહોદ નગર અદયક્ષ ડો.નિલેશભાઇ વાઘેલા, નગર ઉપાદયક્ષ ડો.રૂચિતાબેન પટેલ, નગર સહમંત્રી શીતલબેન પરમાર, ૧૫ બહેન કાર્યકર્તા અને અન્ય કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

ઝાલોદના ટાંકી ગામે બંધ મકાન માંથી દાગીના રોકડ અને બાઈક મળી ૧.૧૩ લાખની ચોરી કરી જતાં તસ્કરો

દાહોદ,

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના ટાંડી ગામે એક બંધ મકાને તસ્કરોએ નિશાન બનાવી એક મોટરસાયકલ સહિત મકાનમાં મૂકી રાખેલ સોના ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૧૩,૦૦૦ ની મત્તાની ચોરી કરી ટસ્કરો નાસી ગયાનું જાણવા મળે છે.

ગત તારીખ ૩૦ મી ઓગસ્ટના રોજ ઝાલોદ તાલુકાના ટાંડી ગામે નવી વસાહત વિસ્તાર ખાતે રહેતા કલ્પેશભાઈ બાબુભાઈ કતીજા પોતાના મકાનને તાળું મારી કોઈ કામ અર્થે બહારગામ ગયા હતા ત્યારે રાત્રિના કોઈપણ સમયે કલ્પેશભાઈના બંધ મકાનને અજાણ્યા તસ્કરો દ્વારા નિશાન બનાવી મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી તસ્કરોએ મકાનમાં પ્રવેશ કર્યો હતો. મકાનમાં મૂકી રાખેલ એક મોટરસાયકલ તેમજ બીજા રૂમમાં અલગ અલગ કાળી પેટીઓમાં મૂકી રાખેલ સોના ચાંદીના દાગીના તેમજ રોકડા રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૧૩,૦૦૦ ની મત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો અંધારાનો લાભ લઈ નાસી ગયા હતા.

આ સંબંધે કલ્પેશભાઈ બાબુભાઈ કતીજાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદના કઠલા ગામે ત્રણ બાઈકો વચ્ચે અકસ્માતમાં ત્રણ વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ તાલુકાના કઠલા ગામે ત્રણ મોટરસાઈકલો વચ્ચે માર્ગ અકસ્માત સર્જાતા ત્રણ વ્યક્તિઓના મોત નીપજતાં પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. ઘટનાને પગલે સ્થળ પર દોડી ગયેલ અન્ય ઈજાગ્રસ્તોને નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

ગતરોજ કઠલા ગામે રસ્તાની બાજુમાં બે મોટરસાઈકલને પાછળથી અન્ય એક મોટરસાઈકલે ટક્કર મારતાં આ ત્રણ મોટરસાઈકલના માર્ગ અકસ્માતમાં ત્રણના મોત નીપજ્યાં હતાં. આ માર્ગ અકસ્માત એટલો ભયંકર હતો કે, આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. એક ઈજાગ્રસ્તને નજીકના દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતા. ત્યારે રક્ષાબંધનના પાવન તહેવારે ત્રણ વ્યકિતઓના મોતને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી અને ગ્રામજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. અકસ્માતમાં મોત નીપજનાર વ્યક્તિઓને પીએમ માટે નજીકના દવાખાને મોકલી દેવામાં આવ્યાં હતાં ત્યારે સમગ્ર મામલે સ્થાનીક પોલીસ દ્વારા આ સંબંધે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

ગરબાડા પોલીસે ઝરી બુઝુર્ગ ખાતે નાકાબંદી દરમિયાન વિદેશી દારૂના જથ્થા સાથે બંને ઝડપી પાડ્યા

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા પોલીસ ક્યાંને ક્યાંક દારૂ બંધીને ડામી દેવા સક્ષમ જોવા મળી રહી છે. દાહોદ પોલીસે બુટલેગરો ઉપર સપાટો બોલાવતા બૂટલેગરોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. તેમ છતાં બુટલેગરો વિદેશી દારૂની હેરફર કરવા અવનવા કીમિયા અજમાવી રહ્યા છે.આ તમામ પરિસ્થિતિની વચ્ચે ગતરોજ ગરબાડા પોલીસ પેટ્રોલિંગમાં નીકળી હતી. તે સમયે ઈન્તિભાઈ નબળાભાઈ (રહે.ખાયાબોરવાણી દાહોદ) સંગાડા પોતાના કબજા હેઠળની Gj-23-X-3840 રિક્ષામાં વિદેશી દારૂ ભરી ઇંતુ ચતુર બિલવાળ (નિશાળ ફળિયું, જાલત) Gj-20-H-4487 નંબરની પલ્સર પર પેટ્રોલિંગ સાથે લાવતો હોવાની બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી બાકીમાં દર્શાવેલ રીક્ષા તેમજ પલ્સર બાઈક આવતા પોલીસે ઘેરો ખાલી તેઓને ઝડપી લીધા હતા અને રીક્ષાની તલાસી લેતા તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૨૩૬ બોટલ મળી ૨૭,૧૩૦ રૂપિયાનો દારૂ મળી આવતા પોલીસે વિદેશી દારૂનો જથ્થો ૪૫,૦૦૦/– રૂપિયાની રીક્ષા તેમજ ૨૫ હજાર રૂપિયા ની બાઈક મળી કુલ ૯૭,૧૨૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે લઈ પકડાયેલા બંને ઈસમોને જેલ ભેગો કરી પ્રોહિબિશન અંગેનો ગુનો નોંધ્યો છે.

દે.બારીયા તાલુકાની સસ્તા અનાજની દુકાનોમાં જન્માષ્ટમી જેવા તહેવારોને ધ્યાને લઈને વધારાની ખાંડ તેમજ સીંગતેલ મળશે ???

દે.બારીયા,

દે.બારીયા તાલુકાના સરકારી અનાજના ગોડાઉનમાં અંત્યોદય, બી.પી.એલ. અને એન.એફ.એસ.એલ.એ.ના લાભાર્થીઓને દર વર્ષે જન્માષ્ટમીથી દિવાળીના તહેવારો સુધી તેલ અને વધારાની ખાંડ વિતરણ થતી હોય છે. મળતા સુત્રો મુજબ હાલમાં સપ્ટેમ્બર–૨૦૨૩ માસ માટે સીગતેલનો ૧ લીટરમાં દે.બારીય સરકારી અનાજના ગોડાઉનમાં જથ્થો આવી ગયો છે શું ? આવાતા સપ્ટેમ્બર–૨૦૨૩ થી કાર્ડ દીઠ ૧ લીટર સીંગતેલ રૂા.૧૦૦/– પ્રમાણે પ્રતિ લીટરે તેમજ વધારાની દર વર્ષની માફક એક કિલો ખાંડ વિતરણ કરાશે ખરી ? તે હજુ સુધી જીલ્લાના પુરવઠા અધિકારી જાકારી આપતા નથી. પાસેના છોટાઉદેપુર જીલ્લામાં જન્માષ્ટમીના તહેવારોના તંત્રએ ઘોષીત કર્યુ છે કે ગુજરાતની સંવેદનશીલ અને ગતિશીલ સરકારે અંત્યોદય કુટુંબોને સીંગતેલ ૧ લીટરના રૂા.૧૦૦/–અને લગભગ ૧૬ રૂપીયા ખાંડ જ્યારે બીપીએલ કાર્ડ ધારકોને ખાંડ ૧ કિલો ૨૨/–રૂા.માં અને સીંગતેલ રૂા.૧૦૦/–માં વિતરણ કરાશે. આપણા દાહોદ જીલ્લામાં ઘોષીત શા કારણે થયું નથી. તેવું ગરીબ કુટુંબના લાભાર્થીઓ પૂછી રહ્યા છે અને ખાંડ અને સીંગતેલ છેવાડા સુધીના ગરીબ લાભાર્થી સુધી પહોંચે તેવી તમામ દુકાનદારોને કડક સુચના અપાઈ દુકાનદારો બે દિવસ વિતરણ કરીને દુકાનો બંધ ના કરે તે માટે તાલુકા અને જીલ્લાના અધિકારીઓની ફરજમાં આવે છે. એકપણ લાભાર્થી વંચિત ના રહે તેની મોનીટરીંગ કરવામાં આવે.

રતલામ-દાહોદ-ઉજ્જૈન મેમુ ટ્રેન પુનઃ શરૂ થતાં ખુશી

દાહોદ,

દાહોદ–ઉજ્જૈન મેમુ ટ્રેન ૩૦ ઓગસ્ટથી ફરી ૧૨ કોચની કરવામાં આવી છે. આ સાથે એક વર્ષથી વધુ સમયથી લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો હવે આ સમસ્યા દુર થશે.આદિવાસી વિસ્તારની દ્રષ્ટિએ આ ટ્રેન ખુબ જ મહત્વપુર્ણ છે. એક વર્ષથી વધુ સમયથી કોચની સંખ્યા ૧૨ થી ઘટાડીને ૮ કરવામાં આવી હતી. જેના કારણે મુસાફરોને અસુવિધા થાય છે. ગુંચળામણ થતાં આ ટ્રેનમાં મુસાફરી કરવી પડી હતી. લોકડાઉનમાં ઓગસ્ટ ૨૦૨૨થી કોચની સંખ્યા ઘટાડવામાં આવી હતી. કોરોના સમયગાળા દરમિયાન રેલ સેવાઓ બંધ થયા પછી ફરી શરૂ થઈ ત્યારે પણ લાંબા સમયથી મેમુ શરૂ કરવામાં આવી ન હતી. બીજી તરફ સવારે રતલામથી મેઘનગર, દાહોદ અને સાંજે દાહોદથી મેઘનગર, રતલામ જતી ફિરોઝપુર–મુંબઈ જનતા એકસપ્રેસ બંધ હોવાથી આવવા–જવામાં મુશ્કેલી પડી રહી છે. આવી સ્થિતિમાં આ મેમુ ટ્રેન મુસાફરી માટે યોગ્ય નથી.અત્યારે સ્થિતિ એવી છે કે,મુસાફરોને પગ મુકવાની જગ્યા મળતી નથી. ઘણા મુસાફરો ટ્રેનમાં ચઢી શકતા પણ નથી. હવે મેમુમાં ૧૨ કોચ જોડવાથી મુસાફરોને ભીડમાંથી રાહત મળશે. સવારે મેમુ પછી, આખા દિવસ દરમિયાન સાંજે કોટા–બરોડા પાર્સલ વચ્ચે એકપણ ટ્રેન નથી. એકસપ્રેસ ટ્રેનોના સ્ટોપેજ માટે પણ ઘણી વખત માંગ કરવામાં આવી છે. બીજી તરફ રતલામથી મંદસૌર, નીમચ, અજમેર, જયપુર, સુધી ઘણા વર્ષો પહેલા બ્રોડગેજ લાઈન નાંખ્યા પછી પણ દાહોદ, મેઘનગર, બામણિયા સાથે સીધો સંપર્ક નથી. લોકોએ અનેક જગ્યાએ માંગણી કરી નેતાઓ અને અધિકારીઓને અપીલ કરી હતી. આખરે સાંસદ ગુમાનસિંહ ડામોરે ૧૫ દિવસ પહેલા દાવો કર્યો હતો કે, ઓગસ્ટના અંત સુધીમાં ફરીથી ૧૨ કોચ આવી જશે. કોચની સંખ્યા વધારવાની પુષ્ટિ રતલામ ડીવીઝનલ રેલ્વે મેનેજરે કર્યુ છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho,
Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.10

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ
સમાચાર

ગોધરા તાલુકાના લીલેસરા-પોપટપુરાના રેવન્યુ તલાટી વારસાઈના કામ માટે ૩ હજારની લાંચ લેતા ગોધરા તાલુકા પંચાયત માંથી ACBએ ઝડપ્યો

૩ હજારની લાંચ લેતા તલાટી પ્રદિપ પટેલીયા એસીબીના છટકામાં આબાદ સપડાયો

ગોધરા,

ગોધરા તાલુકાના લીલેસરા, પોપટપુરા ગ્રામ પંચાયતના રેવન્યુ તલાટી કમ મંત્રીને ફરિયાદ વારસાઈના કામ માટે મળ્યા હતા. ત્યારે વારસાઇના કામ માટે તલાટી દ્વારા ૩,૦૦૦/–રૂપીયાની માંગણી કરાઈ હતી. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોય જેથી એસીબીમાં ફરિયાદ કરતાં એસીબીએ ફરિયાદી સાથે રાખીને છટકું ગોઠવી આજરોજ ગોધરા તાલુકા પંચાયત કચેરી ખાતે ૩,૦૦૦/– રૂપીયાની લાંચ લેતા તલાટીને રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યો.

ગોધરા તાલુકાના લીલેસરા, પોપટપુરા ગામે રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવતા પ્રદિપભાઈ રામામભાઈ પટેલીયાને ફરિયાદી સંયુકત માલિકના સર્વે નં.૩૪માં જેનો હિસ્સો નથી. તેના નામ કમી કરવા અને જેનો હિસ્સો છે તેના નામ ઉમેરવા તેમજ જમનનું બ્લોક વિભાજન માટે તલાટીને મળતા તલાટીએ જણાવેલ કાગળો તૈયાર કરી તલાટીને આપતા કાગળો તેમજ કામ કરી આપવા માટે રૂા.૨૫,૦૦૦/– લીધેલ તેમ છતાં કામ કરી આપેલ નહિ. ત્યારબાદ ફરિયાદીના કાકા મરણ જતા વારસાઈ કરવા માટે તલાટી પ્રદિપ પટેલીયાને મળીને વારસાઈ માટે જરૂરી કાગળો તૈયાર કરીને મળ્યા હતા. ત્યારે તલાટીએ વારસાઈનું કામ કરી આપવામાટે રૂા.૩,૦૦૦/–ની લાંચની માંગણી કરી હતી. જે ફરિયાદી સાથે થયેલ વાતચીતનું મોબાઈલમાં રેર્કોર્ડીંગ કરી ફરિયાદી ખોટી રીતે લાંચ આપવા માંગતા ન હોવાથી એસીબીમાં ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે મહિસાગર એસીબી દ્વારા ફરિયાદી સાથે મળી છટકું ગોઠવામાં આવ્યું હતું. તે મુજબ ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ગોધરા તાલુકા પંચાયત કચેરીમાં ફરિયાદી સાથે તલાટી વાતચીત કરી રૂપીયા ૩,૦૦૦/–ની લાંચ લેતા રંગે હાથે ઝડપી પાડાવામાં આવ્યો. ગોધરા તાલુકા પંચાયત કચેરીમાં તલાટીને લાંચ લેતા ઝડપાઈ જતાં અન્ય લાંચિયા કર્મચારીઓમાં ફફડાટ જોવા મળ્યો.

પંચમહાલ જિલ્લા તલાટી ક્રમ મંત્રી મહામંડળએ જિલ્લા અધિક કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું

સ્પષ્ટ છબી ધરાવતા અધિકારીએ પાછલા સમયમાં પણ અનેક પંચાયતોમાં ભ્રષ્ટાચારની મામલે તપાસ કરીને ભ્રષ્ટાચારીઓને ખુલ્લા પાડ્યા હતા. તેવામાં હાલ જે રીતના મોરવા હડફ તાલુકાના વંદેલી ગામના લોકો દ્વારા અને તલાટીઓની ટીમ દ્વારા આવેદન પત્ર આપવાની સિલસિલો ચાલી રહ્યો છે. તેને લઈ અનેક સવાલો ઉઠી રહ્યા છે. એક તરફ ભાજપ માંથી ચૂંટાયેલા અમુક જિલ્લા પંચાયત સદસ્યો અને તાલુકા પંચાયત સદસ્યો સહિતના લોકો દ્વારા પુનઃ તપાસ વિકાસલક્ષી કામોની કરવામાં આવે બીજી તરફ જિલ્લામાં આવેલ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટીઓ દ્વારા પણ આ જ બાબતે તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે એવી રજૂઆત કરવામાં આવી હોય ત્યારે જિલ્લા પ્રશાસન દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને સ્પષ્ટ છબી ધરાવતા અધિકારી સામે જે રીતે આક્ષેપો લાગ્યા હોય ત્યારે હવે જોવું રહ્યું કે, આ બાબતે શું હકીકત બહાર આવે છે.

ગોધરા,

પંચમહાલ જિલ્લા તલાટી ક્રમ મંત્રી મહામંડળએ જિલ્લા અધિક કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં મોરવા હડફ તાલુકાના વંદેલી ગામ ખાતે થયેલા વિકાસલક્ષી કામોની પુનઃ તપાસ કરવા સહિત ખાતાકીય તપાસ કર્યા વગર સીધી પોલીસ ફરિયાદ થતી હોવાની પણ રજૂઆત કરાઈ હતી.

ગોધરા તાલુકાના છબનપુરના ખોડીયાર માતાજી મંદીર ખાતે જિલ્લાની ગ્રામ પંચાયત કચેરીમાં ફરજ બજાવતા ૨૦૦ જેટલા તલાટીઓ એકત્રીત થયા હતા. તલાટી કમ મંત્રીઓ બધા એકત્રિત થઈને જિલ્લા કલેકટર કચેરી ખાતે અધિક કલેકટરને અને જિલ્લા પંચાયત કચેરી ખાતે આવીને જિલ્લા વિકાસ અધિકારી ડી.કે. બારીઆને આવેદનપત્ર આપ્યું હતું. જિલ્લા તલાટી ક્રમ મંત્રી મહામંડળ દ્વારા આપવામાં આવેલ આવેદનપત્રની અંદર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, મોરવા હડફ તાલુકાના વંદેલી ગામ ખાતે એક વર્ષથી પંચાયતના વિવિધલક્ષી કામોની તપાસ નાયબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આની તપાસ સરપંચ અને તલાટીને સાથે રાખીને કરવામાં આવી હતી અને કામો પણ સ્થળ ઉપર બરાબર થયેલ છે. આ વિકાસલક્ષી કામોમાં ૪૦ કામોમાં ગેરરીતી આચરેલ છે. એવો અહેવાલ તૈયાર કરીને ફરિયાદ દાખલ કરવાની પેરીવીઓ છે. જેથી આની તપાસ પુનઃ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. તલાટી સહિતના સરકારી કર્મચારીઓ સામે પોલીસ ફરિયાદ થતા પહેલા તેમને સાંભળવામાં આવે અને તપાસ કરવામાં આવે તે સહિતની અનેક મૌખિક રજૂઆત પણ કરાઈ હતી. જયારે આ બાબતે પંચમહાલ જિલ્લા તલાટી ક્રમ મંત્રી મહામંડળના પ્રમુખ કુલદીપસિંહ ચૌહાણએ જણાવ્યું હતું કે, તલાટી કમ મંત્રી સહિત સરકારી કર્મચારીઓ ભૂલ સિવાય કાર્યવાહીનો ભોગ બનતા હોય અને ઘોઘબા તાલુકા અને ગોધરા તાલુકામાં તલાટી ક્રમ મંત્રી સહિતના સરકારી કર્મચારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદ પહેલા તલાટી કમ મંત્રીની રજૂઆતને સાંભળવામાં આવે અને તપાસની તક આપવી જોઈએ. હાલમાં પણ વંદેલી ગામની તપાસમાં પુનઃ કરવામાં આવે એ સહિતની રજૂઆત જિલ્લા અધિક કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને કરી છે. જો આગામી દિવસમાં રજૂઆતને ધ્યાનમાં લેવામાં નહીં આવે તો અનેક કાર્યક્રમો પણ ના છૂટકે અમારે કરવા પડશે તેમ છે. ગ્રામીણ વિસ્તારમાં ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી ક્રમ મંત્રીઓ વંદેલી ગામની તપાસ પુનઃ કરવામાં આવે તે સહિતની અનેક રજૂઆત અધિક કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને કરવામાં આવી હોય ત્યારે જોવું રહ્યું કે, આ વિકાસલક્ષી કામો જે સરકારી ગ્રાન્ટ માંથી કરવામાં આવ્યો હોય અને નાયબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આની તપાસ કરવામાં આવી હોય ત્યારે મોરવા હડફ તાલુકાના ભાજપ અગ્રણીઓ તેમજ અમુક જિલ્લા પંચાયત સદસ્ય અને તાલુકા પંચાયત સદસ્ય સહિતના દ્વારા વંદેલી ગામની તપાસ ફરી કરવામાં આવે એવી રજૂઆત કરાઈ હોય ત્યારે જિલ્લા કલેકટર દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને એક અલગ ટીમ બનાવી તેમજ નાયબ જિલ્લા વિકાસ અધિકારી સાથે પણ આની ચર્ચા કરવામાં આવે જેથી ખરી હકીકત બહાર આવી શકે તો નવાઈ નહી.

મોરવા(હ)ના હડફે ડેમ માંથી વરસાદ ખેંચતા પાક બચાવવા ૨૦ કયુસેક પાણી છોડવામાં આવ્યું

ધારાસભ્ય અને અધિકારીઓ દ્વારા પાણીના વધામણા કર્યા.

મોરવા(હ),

પંચમહાલ જીલ્લાના હડફ ડેમ માંથી વરસાદ ખેંચતા સુકાઈ રહેલા પાકને બચાવવા માટે કેનાલમાંથી ૨૦ કયુસેક પાણી છોડવામાં આવ્યું.

પંચમહાલ જીલ્લામાં લાંબા સમયથી વરસાદે વિરામ લેતાં પાક સુધાઈ રહ્યો છે. ત્યારે ખેડુતોના મકાઈ, ડાંગર સહિતના પાકોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે મોરવા(હ)ના હડફ ડેમ માંથી જમણા અને ડાબા કાંઠા કેનાલમાં ૨૦ કયુસેક પાણી છોડવામાં આવ્યું. ધારાસભ્ય નિમીષાબેન સુથાર, અધિકારીઓ, પદાધિકારીઓની ઉપસ્થિતીમાં ધારાસભ્ય દ્વારા કેનાલના ગેટ ઉપર શ્રીફળ વધેરીને ખોલવામાં આવ્યા અને છોડવામાં આવેલ પાણીના વધામણા કરવામાં આવ્યા. હડફ ડેમ માંથી સિંચાઈ માટે છોડવામાં આવેલ ૬૫૦ હેકટર ઉપરાંત જમીનના વાવેતર થયેલ પાકોને જીવતદાન મળવાની ખેડુતોને આશા બંધાઈ છે.

અમદાવાદ-બાપુનગરથી માતા-પિતાથી નારાજ થઈ નિકળગયેલ પાંચ સગીરો પાવાગઢથી મળ્યા

ગોધરા,

અમદાવાદના બાપુનગરથી ગુમ થયેલ પાંચ સગીરો છેલ્લા કેટલાક દિવસથી ઘરેથી નિકળી ગયા હતા. સગીરો પાવાગઢમાં ફરી રહ્યા હોય પોલીસની સી ટીમ દ્વારા સગીરોની સરભરા કરી પુછપરછ દરમિયાન ઘરેથી નારાજ થઈ નિકળી ગયાનો ખુલાસો થયો.

પંચમહાલના પાવાગઢ પોલીસને બાતમી મળી હતી કે, કેટલાક યુવકો બેગલઈને ફરી રહ્યા છે અને નોકરી મેળવવા માટે પુછપછર કરી રહ્યા છે. તેવી માહિતીના આધારે પાવાગઢ પોલીસની સી ટીમ દ્વારા સગીરોને જમાડવા સહિત સરભરા કરી પુછપરછ કરતાં સગીરો અમદાવાદ બાપુનગરથી છેલ્લા કેટલાક દિવસોથી તમામ સગીરો માતા–પિતાથી નારાજ થઈ નિકળી ગયેલ હતા અને સગીરો વડોદરા થી પાવાગઢ આવી ગળતેશ્વર અને ત્યાંથી પાવાગઢ ખાતે ફરતા હોય પોલીસે સગીરો મળી આવતાં અમદાવાદ સગીરોના વાલીવારસોને જાણ કરાઈ હતી.

હાલોલના ઓડ ફળીયામાં જુગાર રમતા ૯ જુગારીયાને પપ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

હાલોલ,

હાલોલ ઓડ ફળીયામાં ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ દરમિયાન ૯ જુગારીયાને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલના ઓડ ફળીયામાં ખુલ્લી જગ્યામાં જાહેર કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ધર્મેન્દ્ર બાબુભાઈ વરીયા, જગદીશ રાણામલ મહેશ્વરી, માહિર દિલાવર વલીસુલા, પૂનમ સોનાભાઈ રાજપૂત, સલીમ મહેબુબ શેખ, ભરતભાઈ સતિષભાઈ ઓડ, વિજયભાઈ રતનસિંહ પરમાર, વૈરાજ રમેશભાઈ ભરવાડ, અશોક કાંતીલાલને ઝડપી પાડયવા હતા. ઝડપાયેલ ઈસમોની અંગઝડતીમાં ૨૦,૩૫૦/–રૂપીયા દાવ ઉપર મુકેલ ૩,૩૬૦/–રૂપીયા, મોબાઈલ ફોન નંગ–૫ મળી કુલ ૫૫,૭૧૦/–રૂપીયાનો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો. આ બાબતે પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાઈ.

ગોધરા છોળાકુવા પાલનપુરી ફળીયામાં જુગાર રમતા ૪ ઈસમોને પોલીસે ઝડપ્યા

ગોધરા,

ગોધરાના ધોળાકુવા પાલનપુરી ફળીયામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી ચાર ઈસમોને ૧૭૩૦/– રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા ધોળાકુવા પાલનપુરી ફળીયામાં કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન આરતભાઈ હિરાભાઈ કાપન, નરવતભાઈ ગુલાબભાઈ સંગોડ, સરદાર સોમાભાઈ સંગોડ, વિજયભાઈ શંકરભાઈ કાવતને ઝડપી પાડયા હતા. ઝડપાયેલ ઈસમો પાસેથી ૧૭૩૦/–રૂપીયાનો મુદ્દામાલ ઝડપાઈ જતાં આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાઈ.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની નાના કારીગરોને અમૂલ્ય ભેટ : પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન (પી.એમ.વિકાસ) યોજના

ગોધરા,

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આગામી તા.૧૭ સપ્ટેમ્બર–૨૦૨૩ના દિવસે આખા રાષ્ટ્રમાં પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન (પી.એમ.વિકાસ) યોજના પી.એમ.વિકાસ શરૂ કરવા જઈ રહયા છે. ગુજરાતમાં પણ અમદવાદ, વડોદરા, રાજકોટ અને સુરતમાં ૧૭ સપ્ટેમ્બરે આ યોજના શરૂ થશે. જેના કાર્યક્રમોમાં વિવિધ મંત્રીઓ હાજર રહેશે. આ પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન(પી.એમ.વિકાસ) યોજના ની નોંધણી પ્રક્રિયા શરૂ કરવાના, આયોજનના ભાગ રૂપે પંચમહાલ જીલ્લા કલેકટર આશિષકુમારના અદયક્ષસ્થાને એક બેઠક યોજાઈ હતી. જેમા પંચમહાલ જીલ્લા અને તાલુકાના તમામ અધિકારી–કર્મચારીઓ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયા હતા.

પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન(પી.એમ.વિકાસ) યોજનામાં ૧.સુથાર ૨.બોટ નાવડી બનાવનાર ૩. લુહાર ૪. બખતર/ચપ્પુ બનાવનાર ૫. હથોડી અને ટૂલકીટ બનાવનાર ૬. તાળા બનાવનાર ૭. કુંભાર ૮. શિલ્પકાર/મૂર્તિકાર/પથ્થરની કામગીરી કરનાર ૯. મોચી/પગરખા બનાવનાર કારીગર ૧૦. કડિયા ૧૧.વાળંદ(નાઈ) ૧૨. બાસ્કેટ/મેટ/સાવરણી બનાવનાર/કોપર કારીગર ૧૩. દરજી ૧૪. ધોબી ૧૫. ફૂલોની માળા બનાવનાર માળી ૧૬. માછલી પકડવાની જાળી બનાવનાર ૧૭. ઢીંગલી અને રમકડાંની બનાવટ(પરંપરાગત) ૧૮.સોની જેમ ૧૮ પ્રકારના કારીગરોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ગામ, તાલુકા કે શહેરના આ પ્રકારના કારીગરો પોતાના નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) નો સંપર્ક કરી પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. રજીસ્ટ્રેશન માટે આધારકાર્ડ, રેશનકાર્ડ અને બેંક પાસ બુકની ઓરિજીનલ કોપી લઈને કોમન સર્વિસ સેન્ટરમાં જવાનું રહેશે. હાથ વડે કામગીરી કરતા, ૧૮ વર્ષથી ઉપરના તમામ કારીગરો આ યોજનામાં જોડાઈ શકશે. કુટુંબદીઠ એક સભ્યને લાભ મળશે. પ્રધાનમંત્રી સ્વનિધિના લાભાર્થીઓ કે જેમણે તેમની લોનની ચુકવણી કરી દીધી હોય તેઓ પછી આ યોજનાનો લાભ મેળવી શકશે. સરકારી નોકરી કરતી વ્યકિત અને તેના પરિવારના સભ્યો આ યોજનાનો લાભ મેળવી શકશે નહીં.

પંચમહાલ જીલ્લામાં ૧૮ પ્રકારના કરારીગરોને પ્રધાનમંત્રી વિશ્વકર્મા કૌશલ સન્માન યોજનામાં નોંધણી શરૂ થઈ ચૂકી છે. રજાના દિવસ સિવાય કારીગરો નજીકના સી.એસ.સી. સેન્ટરનો સંપર્ક સવારે ૧૦ થી ૫ દરમિયાન કરી નોંધાણી કરાવી શકશે આ બેઠકમાં ડીઆરડીએના નિયામક ડી.આર.પટેલ, સ્ટેમ્પ ડયુટી અધિકારી ફાલ્ગુન પંચાલ, કોમન સર્વિસ સેન્ટર(CSC)ના જીલ્લા મેનેજર વનરાજસિંહ ચાવડા, પંચમહાલ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર એસ.જે.ઠાકોર, નાયબ માહિતી નિયામક પારૂલ મણિયાર સહિતના સંબધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

યોજના અંતર્ગત લાભ

(૧) જે કુશળ લાભાર્થીઓ સ્ટાન્ડર્ડ લોન એકાઉન્ટ જાળવશે અને જેમણે ડિજીટલ વ્યવહારો અપનાવ્યા છે અથવા એડવાન્સ કૌશલ્ય તાલીમ લીધી છે, તેઓને 30 મહિનાના સમયગાળા માટે રૂ. ૨ લાખ સુધીની બીજી લોન (૨) લાભાર્થીઓને મહત્તમ ૧૦૦ વ્યવહારો (માસિક) માટે રૂ. ૧/- પ્રતિ ડિજીટલ ટ્રાન્ઝેકશનના દરે પ્રોત્સાહન (૩) સ્થાનિક અને વૈશ્વિક મૂલ્ય શ્રુંખલાઓ (લોકલ અને વૈશ્વિક વેલ્યૂ ચેઈન) સાથેના તેમના જોડાણને સુધારવા માટે ગુણવત્તા પ્રમાણપત્ર, બ્રાન્ડિંગ, ઈ-કોમર્સ અને ત્રયખ પ્લેટફોર્મ પર ઓન-બોર્ડિંગ, જાહેરાત, પ્રચાર અને અન્ય પ્રવૃત્તિઓના સ્વરૂપમાં માર્કેટિંગ સપોર્ટ.

નોંધણીની પ્રક્રિયા

(૧) આધાર અધિકૃત વેબ પોર્ટલ પર લાભાર્થીઓની નોંધણી ઝ કોમન સર્વિસ સેન્ટર્સ દ્વારા નોંધણી (૨) લાભાર્થીની વિગતોની ચકાસણી ગ્રામ પંચાયત/શહેરી સ્થાનિક સંસ્થાના કારોબારી વડા દ્વારા કરાશે (૩) ત્યારબાદ જીલ્લા અમલીકરણ સમિતિ આખરે ચકાસણી કરશે અને લાભાર્થીઓની યાદીની ભલામણ કરશે (૪) ખજખઊ, MSDE, સ્ટેટ લીડ બેંકર્સમાંથી લેવામાં આવેલી અધિકારીઓની સ્ક્રિનિંગ કમિટી દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશમાં નોંધણી પ્રક્રિયાની દેખરેખ રાખશે અને અંતિમ મંજૂરી આપશે.

યોજનાનો લાભ કોણ લઈ શકે?

(૧) હાથ વડે કામગીરી કરતાં તમામ કારીગરો (૨) કુટુંબદીઠ એક સભ્યને લાભ (૩) લાભાર્થીની લઘુત્તમ ઉંમર ૧૮ વર્ષ (૪) છેલ્લાં ૫ વર્ષમાં સ્વરોજગાર/વ્યાવસાયિક વિકાસ માટે ધિરાણ પી.એમ.ઈ.જી.પી અને પ્રધાનમંત્રી સ્વનિધિ જેવી યોજનાઓ હેઠળ લોન લીધેલી ન હોવી જોઈએ (૫) સરકારી નોકરી કરતી વ્યક્તિ અને તેના પરિવારના સભ્યો પાત્ર રહેશે નહીં (૬) મુદ્રા અને પ્રધાનમંત્રી સ્વનિધિનાં લાભાર્થીઓ કે જેમણે તેમની લોનની ચૂકવણી કરી દીધી હોય તેઓ આ યોજના હેઠળ લાભ મેળવી શકશે.

ઘોઘંબા તાલુકાના જોરાપુરા દાઉદ્રાના સરપંચ વિરૂદ્ધ પાંચ સભ્યો દ્વારા અવિશ્વાસ દરખાસ્ત લવાઈ

તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના જોરાપુરા દારૂદ્રા ગ્રામ પંચાયતના સભ્યો દ્વારા છેલ્લા છ માસની પંચાયતની સામાન્ય સભા બોલાવી ન હોય, વિકાસના કામોમાં ભ્રષ્ટાચાર, ગ્રામજનો સાથે ગેરલાયક વર્તન જેવા મુદ્દામાઓ સાથે પાંચ સભ્યો દ્વારા સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસ દરખાસ્તના પ્રસ્તાવ રજુ કરાયો.

ઘોઘંબા તાલુકાના જોરાપુરા દાઉદ્રા ગ્રામ પંચાયતના સરપંચ મુકેશભાઈ કુંવરસિંહ રાઠવા દ્વારા છેલ્લા ૬ મહિનાથી ગ્રામ પંચાયતમાં સામાન્ય સભા બોલાવી નથી. ગ્રામ પંચાયતના વિકાસના કામોની ગ્રાન્ટનો ઉપયોગ બીજી ગ્રામ પંચાયતના વિકાસના કામોની ગ્રાન્ટનો ઉપયોગ બીજી ગ્રામ પંચાયત વિસ્તારમાં રોડ બનાવી ભ્રષ્ટાચાર કરેલ છે. પંચાયત વિસ્તારના ચૌહાણ ફળીયામાં વેલ મહુડી ફળીયા, ડામોર ફળીયામાં તાજેતરમાં રસ્તામાં હલ્કી ગુણવત્તાના કામો કરી ભ્રષ્ટાચાર, સોકપીઠના (હેન્ડપંપ)ના ખાડાઓ ખોદયા વગર કે બનાવ્યા વગર ગ્રાન્ટના નાણાં બારોબાર વાપરેલ છે. બોર મોટરના કામોમાં ભ્રષ્ટાચાર કરી તેમજ બોરમાં આવતાં હેન્ડ પંપનું માથું નાખેલ નથી. સરપંચ મુકેશભાઈ રાઠવા દ્વારા ગ્રામજનો સાથે ગેરવર્તન કરાય છે. પંચાયત વિસ્તારના વિકાસના કામો સભ્યોની જાણકારી બહાર બારોબાર સરપંચ દ્વારા કરવામાં આવે છે. સરપંચ દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થી દીઠ દરેક હપ્તે ૩ થી ૪ હજાર લેવાય છે. સરપંચ દ્વારા ગ્રામ પંચાયતના ખાતા માંથી પોતાના વ્યકિતગત એજન્સી ગુરૂકૃપા એજન્સીમાં નાણાંની ખોટી રીતે લેવડ–દેવડ કરાઈ છે અને વિકાસના કામો ચેકડેમ, રોડ, રસ્તાઓ, નાળાઓમાં ભ્રષ્ટાચાર કરેલ છે. તેવા મુદ્દાઓ સાથે પંચાયતના ચુંટાયેલા પાંચ સભ્યો દ્વારા સરપંચ વિરૂદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજુ કરાઈ.

પંચમહાલ જીલ્લામાં તા.૧ થી ૮મી સપ્ટેમ્બર સુધી આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ ઉજવાશે

ગોધરા,

પંચમહાલ જીલ્લાના કલેકટર આશિષકુમારના અદયક્ષ સ્થાને ‘‘આંતરરાષ્ટ્રીય સાક્ષરતા સપ્તાહ‘‘ અને ‘‘વિશ્વ સાક્ષરતા દિવસ’’ ૮મી સપ્ટેમ્બરની ઉજવણી માટે એક બેઠક યોજાઈ હતી.આ કાર્યક્રમ અંતર્ગત ૧૫ થી ૩૫ વર્ષની વયજૂથના નિરક્ષર લોકોને સાક્ષર કરવામાં આવશે. સાક્ષરતા સપ્તાહ દરમિયાન તમામ નાગરિકોમાં જાગૃતિ લાવવા અને સાક્ષરતાનો વ્યાપક પ્રચાર પ્રસાર થાય એ માટે શાળા કક્ષાએ નિબંધ સ્પર્ધા, સાયકલ રેલી, નાટકો અને પ્રભાતફેરી જેવા કાર્યક્રમો યોજાશે.

‘‘નવભારત સાક્ષર’’ કાર્યક્રમના પંચમહાલ જીલ્લામાં અમલીકરણ અંગે સર્વેની કામગીરી માટે જીલ્લાની પ્રાથમિક શાળાના તમામ આચાર્ય/બી.આર.સી/સી.આર.સી તેમની કામગીરી તા. ૦૫/૦૯/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરી દેશે.

સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ જે તે ગામ દીઠ તેનો બ્રેકઅપ લીધા બાદ નિરક્ષરોને શોધીને દીક્ષા પોર્ટલ ઉપરથી જે પ્રાઈમર્સ (વાંચન વાળા) ઉપલબ્ધ થયા છે તેના દ્વારા નિરક્ષરોને ભણાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. નિરક્ષરોને ભણાવવા માટે સ્વાધ્યાય પરિવારની સંસ્થાઓના સ્વયંસેવકો, ગામના યુવક મંડળો, ગાયત્રી પરિવાર, સ્વામિનારાયણ સંસ્થાના સ્વયંસેવકો પણ જોડાશે.

આ બેઠકમાં નાયબ જીલ્લા વિકાસ અધિકારી, જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, આઈ.સી.ડી.એસ. અધિકારી, નાયબ શિક્ષણ અધિકારી અને નાયક માહિતી નિયામક ઉપસ્થિત રહ્યા હતા.